RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI
Volume : 10
Issue : 080
Dt.: 24-01-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa



# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

વિકાસની રાજનીતિ કોઈ પણ ગઢને તોડી શકે છે : પીએમ

# વડાપ્રધાન મોદી દ્વારા તિરુવનંતપુરમમાં વિવિધ યોજનાઓનું લોકાર્પણ

## આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન સહિત વિવિધ ટ્રેન સેવાને લીલી ઝંડી આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)તિરુવનંતપુરમ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેરળના તિરુવનંતપુરમમાં વિવિધ યોજનાઓનું લોકાર્પણ કરીને એક વિશાળ જનસભા સંબોધિત કરી હતી. આ રેલીમાં તેમણે દક્ષિણ ભારતમાં ભાજપના વધતા પ્રભાવ અને ભવિષ્યની વ્યૂહનીતિના મહત્ત્વના સંકેત આપ્યા હતા.

આ દરમિયાન તેમણે કેરળના તિરુવનંતપુરમની સરખામણી ગુજરાતના અમદાવાદ સાથે કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાને ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન સહિત વિવિધ ટ્રેન સેવાને લીલી ઝંડી આપી હતી. આ ટ્રેનોથી કેરળ, તમિલનાડુ, કર્ણાટક, તેલંગાણા અને આંધ્રપ્રદેશ વચ્ચે કનેક્ટિવિટી વધારવામાં મદદ મળશે.

આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ હાલમાં જ તિરુવનંતપુરમ કોર્પોરેશનમાં ભાજપની જીત અને ગુજરાતના અમદાવાદની તુલના કરી હતી. આ વાત કરતા તેમણે કહ્યું હતું કે, જે રીતે દાયકાઓ પહેલા ગુજરાતમાં ભાજપે પાયાના સ્તરેથી કામ શરૂ કર્યું હતું અને આજે ગુજરાત વિકાસનું પર્યાય બન્યું છે, તેવી જ સ્થિતિ અત્યારે કેરળમાં જોવા મળી રહી છે. જે રીતે ૧૯૮૭માં ભાજપે ગુજરાતમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન જીતીને સફર શરૂ કરી હતી, તે જ રીતે કેરળમાં પણ આ એક મોટી શરૂઆત છે. એક સમયે અમદાવાદમાં ભાજપ માટે જીતવું મુશ્કેલ ગણાતું હતું, પરંતુ જનતાના આશીર્વાદ અને કાર્યકરોની મહેનતથી આજે ચિત્ર બદલાઈ ગયું છે.

તિરુવનંતપુરમમાં પણ મને એવો જ ઉત્સાહ અને બદલાવની લહેર દેખાઈ રહી છે. લોકોએ અમારું કામ જોયું, અમારા વ્યવહારને પારખ્યો, પરિણામે ગુજરાતના લોકો દાયકાઓથી અમારા પર ભરોસો કરી રહ્યા છે. જે રીતે એક શહેરથી શરૂઆત થઈ હતી, તેવી જ શરૂઆત હવે કેરળમાં પણ થઈ છે. તિરુવનંતપુરમની જીત એ કેરળને ભ્રષ્ટ શાસનમાંથી મુક્ત કરવાના મક્કમ નિર્ધારની જીત છે.

આ દરમિયાન વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેરળના લોકો હવે પરંપરાગત ગઠબંધનો (LDF અને UDF) થી કંટાળી ગયા છે. કેરળમાં LDF અને UDF વચ્ચે સમજૂતી છે કે પાંચ વર્ષ તમે શાસન કરો અને પાંચ વર્ષ અમે. આ ગઠબંધન તોડવું જરૂરી છે. હવે અહીંના લોકો વિકાસ ઈચ્છે છે. જે રીતે ગુજરાતે પ્રગતિના નવા આયામો સર કર્યા છે, તેવી જ ક્ષમતા કેરળના યુવાનો અને અહીંની ભૌગોલિક સ્થિતિમાં રહેલી છે. તિરુવનંતપુરમને આગામી સમયમાં ટેકનોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું હબ બનાવવાનું અમારું વિઝન છે.

દક્ષિણ ભારતમાં ભાજપના પગપેસારા અંગે વાત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કેરળમાં ભાજપની જીત માત્ર રાજકીય જીત નહીં હોય, પરંતુ તે વિકાસના એજન્ડાની જીત હશે. જે રીતે પશ્ચિમ ભારતમાં ભાજપે વિશ્વાસ સંપાદિત કર્યો છે, તેમ હવે દક્ષિણના આ રાજ્યમાં પણ કમળ ખીલવા જઈ રહ્યું છે. મને વિશ્વાસ છે કે, આગામી ચૂંટણીઓમાં કેરળની જનતા ભાજપને સેવા કરવાની તક ચોક્કસ આપશે.

કેન્દ્ર સરકાર યુરોપ અને ગલ્ફ દેશો સાથે જે કરાર કરી રહી છે, તેનો લાભ કેરળના લોકોને ત્યારે જ મળશે જ્યારે અહીં પણ ડબલ એન્જિન સરકાર (ભાજપ સરકાર) હશે.

નોંધનીય છે કે, આગામી માર્ચ-એપ્રિલ મહિનામાં કેરળમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. એ પહેલા તિરુવનંતપુરમ કોર્પોરેશનમાં ભાજપની જીત અને વડાપ્રધાન મોદીનો પ્રવાસ રાજકીય રીતે મહત્ત્વનો છે.

રાજકીય નિષ્ણાતોના મતે, વડાપ્રધાન મોદીનું આ ભાષણ પણ કેરળના રાજકારણમાં મહત્ત્વનો વળાંક સાબિત થઈ શકે છે. અમદાવાદ સાથેની તુલના દ્વારા વડાપ્રધાન મોદીએ સંકેત આપ્યો છે કે, વિકાસની રાજનીતિ કોઈ પણ ગઢને તોડી શકે છે.

હવે જોવાનું એ રહેશે કે ગુજરાત મોડલ અને વડાપ્રધાન મોદીનો આ ભરોસો કેરળના મતદારોના હૃદય સુધી કેટલો પહોંચે છે.



‘સ્થળાંતર’ શબ્દના ઉપયોગ પર કોર્ટની ટિપ્પણી

# SIR અંગે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચના ઈરાદાઓ પર ઊઠાવ્યાં સવાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર,

બિહારમાં મતદાર યાદીઓના ‘સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન’ ને લઈને સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચના ઈરાદાઓ પર ગંભીર સવાલો ઊઠાવ્યા છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચે પૂછ્યું હતું કે, ‘શું આ કવાયત પાછળનો છૂપો એજન્ડા લોકોની નાગરિકતા ચકાસવાનો હતો?’સુનાવણી દરમિયાન જ્યારે ચૂંટણી પંચે વસ્તી વિષયક ફેરફાર અને સ્થળાંતરનો હવાલો આપ્યો, ત્યારે કોર્ટે ટિપ્પણી કરી કે, ‘એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સ્થળાંતર કરવું એ નાગરિકનો બંધારણીય અધિકાર છે. પંચની સૂચનામાં ‘ગેરકાયદે સ્થળાંતર’ કે ‘સરહદ પાર’ના સ્થળાંતરનો કોઈ ઉલ્લેખ નથી. જો આ માત્ર આંતર-રાજ્ય સ્થળાંતરનો મુદ્દો હોય, તો તેમાં ‘નાગરિકતા’ની તપાસ કરવાનો



વિષય ક્યાંથી આવ્યો?’ચૂંટણી પંચ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલોએ જણાવ્યું હતું કે, ‘વર્ષ ૨૦૦૩ પછી બિહારમાં કોઈ પુનરાવર્તન થયું નથી. અત્યાર સુધી માત્ર ‘સ્વ-ઘોષણા’ના આધારે જ નામો નોંધાતા હતા. નાગરિકતા (સુધારા) કાયદા મુજબ હવે માતા-પિતાની નાગરિકતા જેવા કડક નિયમો છે, જેનું અમલીકરણ નવી મતદાર યાદીમાં જરૂરી હતું.

શહેરીકરણને કારણે થયેલા ફેરફારોને ધ્યાને રાખી આ પ્રક્રિયા હાથ ધરાઈ છે.’ચૂંટણી પંચે કોર્ટમાં એક મહત્ત્વનો આંકડો રજૂ કરતા જણાવ્યું કે, આ પ્રક્રિયા દરમિયાન બિહારની યાદીમાંથી ૬૬ લાખ નામો દૂર કરવામાં આવ્યા છે. જો આ પ્રક્રિયા ગેરબંધારણીય હોત, તો જે ૬૬ લાખ લોકોના નામ કટ થયા છે તેમાંથી કોઈએ કેમ ફરિયાદ ન કરી? અરજી કરનારાઓ માત્ર રાજકારણીઓ છે, કોઈ પ્રત્યક્ષ અસરગ્રસ્ત વ્યક્તિ કોર્ટમાં આવી નથી.સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચના કાર્યની પ્રશંસા કરી કે અત્યાર સુધી કોઈ વ્યક્તિગત અપીલ આવી નથી, પરંતુ કોર્ટનો મુખ્ય હેતુ આ સુધારા પાછળની ‘માનસિકતા’ અને ‘કાનૂની અધિકારક્ષેત્ર’ તપાસવાનો છે. આ મામલાની આગામી સુનાવણી ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ મુકરર કરવામાં આવી છે.

અપમાન બાદ થરૂરે હાઈ કમાન્ડ બેઠકને બતાવ્યો ઠેંગો

# કેરળ વિધાનસભા ચૂંટણી પહેલા જ કોંગ્રેસમાં આંતરિક મતભેદો સપાટીએ

## કોચ્ચિમાં રાહુલ ગાંધીની હાજરીમાં આયોજિત એક કાર્યક્રમમાં થયેલા કથિત અપમાનથી નારાજ થયા શશી થરૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેરળ વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસમાં આંતરિક મતભેદો સપાટી પર આવ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ શશી થરૂરે પાર્ટી હાઈકમાન્ડ દ્વારા બોલાવવામાં આવેલી એક મહત્ત્વપૂર્ણ બેઠકમાં ભાગ લેવાનો ઈનકાર કરી દીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કોચ્ચિમાં રાહુલ ગાંધીની હાજરીમાં આયોજિત એક કાર્યક્રમમાં થયેલા કથિત અપમાનથી નારાજ થઈને તેમણે આ નિર્ણય લીધો છે.સૂત્રોના જણાવ્યા અનુસાર રાહુલ ગાંધીની કોચ્ચિ મુલાકાત દરમિયાન યોગ્ય સન્માન ન મળવાને કારણે શશી થરૂર નારાજ છે. ગત ૧૯ જાન્યુઆરીએ કોચ્ચિમાં કેરળ પ્રદેશ કોંગ્રેસ સમિતિની મહાપંચાયત યોજાઈ હતી, જોકે આ નારાજગી અંગે થરૂરે જાહેરમાં હજુ સુધી કંઈ પણ કહ્યું નથી. ચર્ચા એવી છે કે કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્ય હોવા છતાં કાર્યક્રમમાં તેમને સ્ટેજ પર મુખ્ય જગ્યા આપવાને બદલે ઘણે દૂર બેસાડવામાં આવ્યા હતા. તેમજ થરૂરને પહેલેથી જ કહી દેવામાં આવ્યું હતું કે રાહુલ ગાંધી વિગતવાર બોલશે અને બાકીના નેતાઓએ ટૂંકમાં પોતાની વાત પતાવવી પડશે. આ સૂચનાનું પાલન કરીને થરૂરે પોતાનું સંબોધન જલ્દી પૂરું કરી દીધું હતું.

રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે રાહુલ ગાંધીએ કાર્યક્રમમાં હાજર ઘણા નેતાઓના નામ લીધા હતા, પરંતુ થરૂરનું નામ લેવાનું ટાળ્યું હતું. જેનાથી તેમની નારાજગી વધુ વધી ગઈ. સૂત્રોનું કહેવું છે કે આ જ કારણોસર હવે થરૂરે કોંગ્રેસની બેઠકોમાં ન જવાનો નિર્ણય લીધો છે. શશી થરૂરે પોતાના નજીકના સાથીઓ સમક્ષ પોતાની નિરાશા વ્યક્ત કરી છે. તેમનું માનવું છે કે આ કોઈ એકલદોકલ ઘટના નથી, પરંતુ પાર્ટીમાં તેમના યોગદાનને સતત નજરઅંદાજ કરવાના એક મોટા પેટર્નનો ભાગ છે.

આ ઘટનાથી પાર્ટી કાર્યકર્તાઓમાં પણ વરિષ્ઠ નેતાઓના સન્માન અને આંતરિક અનુશાસનને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે.

ભલે શશી થરૂર કોંગ્રેસ હાઈકમાન્ડની બેઠકમાં સામેલ નહીં થાય, પરંતુ તેઓ આજે કેરળ લિટરેચર ફેસ્ટિવલમાં ભાગ લેશે. બીજી તરફ, કોંગ્રેસ પાર્ટીએ શશી થરૂરની કથિત નારાજગી કે તેમના બેઠકમાં સામેલ ન થવાના નિર્ણય પર હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી.

ફ્લાઈટોને અસર, મુસાફરો અટવાયા

# જમ્મુ-કાશ્મીરથી હિમાચલ સુધી આંધી તોફાન સાથે હિમવર્ષા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઉત્તર ભારતના હવામાનમાં મોટો પલટો આવ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ (પશ્ચિમી વિક્ષોભ) સક્રિય થવાને કારણે પહાડી રાજ્યોમાં ભારે હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે.

ભારતીય હવામાન વિભાગ(IMD) એ આગામી 24 કલાક માટે ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યું છે.હિમાચલ પ્રદેશના પ્રખ્યાત પર્યટન સ્થળ મનાલીમાં લાંબી રાહ જોયા બાદ સિઝનની પ્રથમ હિમવર્ષા થઈ છે. આજે વહેલી સવારથી જ મનાલી શહેર સફેદ ચાદરથી ઢંકાઈ ગયું હતું. શહેરમાં આશરે બે ઈંચ જેટલો બરફ નોંધાયો છે. જોકે, હાલમાં નેશનલ હાઈવે અને મુખ્ય રસ્તાઓ પર વાહનવ્યવહાર સામાન્ય છે. માત્ર મનાલી જ નહીં, પણ શિમલા, કુફરી અને નારકંડામાં પણ હિમવર્ષાની પ્રબળ શક્યતા છે.કાશ્મીર ખીણમાં સતત થઈ રહેલી ભારે હિમવર્ષાને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઓછી વિઝિબિલિટી અને રનવે પર બરફ જામી જવાને કારણે અત્યાર સુધીમાં 26 ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. ઈન્ડિગો અને સ્પાઈસજેટ જેવી એરલાઈન્સે મુસાફરોને એરપોર્ટ પર આવતા પહેલા ફ્લાઈટ સ્ટેટસ ચેક કરવા વિનંતી કરી છે.વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર માત્ર પહાડો પૂરતી મર્યાદિત નથી.

દિલ્હી-NCR, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં પણ હળવો વરસાદ અને તેજ પવન ફૂંકાવાની શક્યતા છે. દિલ્હીમાં પવનની ગતિ 30થી 60 કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. ગુજરાતમાં પણ પવનની દિશા બદલાતા ઠંડીના જોરમાં વધારો-ઘટાડો જોવા મળી શકે છે.

# ૨૬મી જાન્યુઆરીએ જોવા મળશે ઓપરેશન સિંદૂરની ઝલક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આ વર્ષે પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન ઓપરેશન સિંદૂરના વિજયનો જયઘોષ કર્તવ્ય પથના આકાશમાં સંભળાશે. ભારતીય વાયુસેનાના ફ્લાયપાસ્ટમાં ફાઈટર એરક્રાફ્ટ નવા સિંદૂર ફોર્મેશનમાં ઉડતા જોવા મળશે. આ ફાઈટર એરક્રાફ્ટમાં રાફેલ, સુખોઈ, મિગ-૨૯ અને જગુઆરનો સમાવેશ થાય છે.વાયુસેનાના જણાવ્યા અનુસાર, ૨૬ જાન્યુઆરીના રોજ ફ્લાયપાસ્ટ ધ્વજ ફોર્મેશન સાથે શરૂ થશે. આ ફોર્મેશનમાં ચાર Mi-17 હેલિકોપ્ટર ભાગ લેશે. અગ્રણી હેલિકોપ્ટર રાષ્ટ્રીય ધ્વજ (ત્રિરંગો) વહન કરશે, અને બાકીના ત્રણ આર્મી, એરફોર્સ અને નેવીના ધ્વજ વહન કરશે. બીજું ફોર્મેશન પ્રહાર ફોર્મેશન હશે. પ્રહાર ફોર્મેશનમાં ત્રણ એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર (ALH) હશે. આમાંથી એક હેલિકોપ્ટર ઓપરેશન સિંદૂર ધ્વજ વહન કરશે.

વાયુસેનાના વિંગ કમાન્ડર રાજીવ દેશવાલે જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર પછી આ પ્રથમ પ્રજાસત્તાક દિવસની ઉજવણી છે. તેથી, ઓપરેશન સિંદૂરનું ફોર્મેશન પણ ફ્લાયપાસ્ટનો ભાગ હશે. ફ્લાયપાસ્ટમાં એક ખાસ સ્પીઅરહેડ ફોર્મેશન હશે. આ સ્પીઅરહેડ ફોર્મેશનમાં બે રાફેલ, સુખોઈ (Su-30) અને મિગ-૨૯ ફાઈટર જેટનો સમાવેશ થશે. આ ફોર્મેશનમાં એક જગુઆર ફાઈટર જેટ પણ જોવા મળશે. આ ચાર ફાઈટર જેટ એવા છે જેમણે પાકિસ્તાન સામે ઓપરેશન સિંદૂરમાં ભાગ લીધો હતો. પહેલગામ હત્યાકાંડ પછી, ભારતીય વાયુસેનાના રાફેલ અને સુખોઈ ફાઈટર જેટે ઓપરેશન સિંદૂર (૭-૧૦ મે) દરમિયાન પાકિસ્તાનથી કાર્યરત જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા આતંકવાદી સંગઠનોના મુખ્ય મથક સહિત પાકિસ્તાની વાયુસેનાના ઠેકાણાઓનો નાશ કર્યો હતો.

વિંગ કમાન્ડર દેસવાલના જણાવ્યા મુજબ, આ વર્ષનો ફ્લાયપાસ્ટ બે તબક્કામાં કરવામાં આવશે. પ્રથમ તબક્કો વાયુસેનાના માર્ચિંગ ટુકડીના કર્તવ્ય પથ પર માર્ચ દરમિયાન થશે, જેમાં સિંદૂર ફોર્મેશનનો સમાવેશ થશે. બીજો તબક્કો કર્તવ્ય પથ પર માર્ચ પાસ્ટ પૂર્ણ થયા પછી થશે. આ તબક્કામાં રાફેલ ફાઈટર જેટ મુખ્ય આકર્ષણ રહેશે.

વાયુસેનાના માર્ચિંગ ટુકડીમાં ૧૧૪ વાયુ યોદ્ધાઓ હશે, જેનું નેતૃત્વ સ્ક્વોડ્રન લીડર જગદેશ કુમાર કરશે. ધ્વજવંદન સમારોહ દરમિયાન ફ્લાઈટ લેફ્ટનન્ટ અક્ષિતા ધનખર રાષ્ટ્રપતિ સાથે રહેશે.

આ ખામીથી કોઈ સુરક્ષા જોખમ ઊભું થયું ન હોવાનો કંપનીનો દાવો

# જાપાનમાં ફુકુશિમા પરમાણુ મથક શરૂ કર્યાના કલાકોમાં જ ફરી બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)ટોક્યો

જાપાનના વિશ્વવિખ્યાત ફુકુશિમા પરમાણુ મથકની સંચાલક કંપની TEPCO એ વિશ્વના સૌથી મોટા પરમાણુ આ ન્યૂક્લીયર પાવર પ્લાન્ટને ગુરુવારે ફરીથી શરૂ કર્યા બાદ ગણતરીના કલાકોમાં જ બંધ કરી દેવો પડ્યો હતો. 2011ના ફુકુશિમા પરમાણુ દુર્ઘટના પછી પ્રથમ વખત તે ફરી શરૂ થયા બાદ માત્ર થોડાં કલાકોમાં જ કામગીરી અટકાવવી પડી હતી.જાપાનના ઉત્તર-મધ્ય વિસ્તારમાં આવેલા કાશિવાઝાકી-કરીવા પ્લાન્ટના નંબર-6 રિએક્ટરના રિ-સ્ટાર્ટ નિયંત્રણ રૉડ્સ સંબંધિત ખામીના કારણે પ્લાન્ટને ફરીથી શરૂ કરવાની કામગીરી સ્થગિત કરવામાં આવી છે, એવું આ પ્લાન્ટની સંચાલક કંપની ટોક્યો ઈલેક્ટ્રિક પાવર કંપની હોલ્ડિંગ્સએ જણાવ્યું હતું. નિયંત્રણ રૉડ્સ રિએક્ટરને સુરક્ષિત રીતે શરૂ કરવા અને બંધ કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ હોય છે. કંપનીએ જણાવ્યું કે આ ખામીથી કોઈ સુરક્ષા જોખમ ઊભું થયું નથી અને સ્થિતિની તપાસ કરવામાં આવી રહી છે. પ્લાન્ટને ફરીથી શરૂ કરવાની પ્રક્રિયા ક્યારે ફરી શરૂ થશે



તે અંગે હજી સ્પષ્ટતા નથી.કાશિવાઝાકી-કરીવા પ્લાન્ટમાં રિ-સ્ટાર્ટની પ્રક્રિયા ઉપર ખાસ નજર રાખવામાં આવી રહી હતી, કારણ કે TEPCO ફુકુશિમા દાઈઈચી પ્લાન્ટનું પણ સંચાલન કરે છે, જેને 2011ના ભૂકંપ અને સુનામીથી ગંભીર રીતે નુકસાન થયું હતું. તે ઉપરાંત, સંસાધનનોની તીવ્ર અછત ધરાવતું જાપાન વધતી વીજળીની માંગ પૂરી કરવા માટે પરમાણુ ઊર્જાનો ઉપયોગ ઝડપી બનાવી રહ્યું છે. ફુકુશિમા પ્લાન્ટમાં રિએક્ટર ઓગળવાના અકસ્માત બાદ થયેલા ભારે રેડિયોએક્ટિવ પ્રદૂષણને કારણે આસપાસની જમીન પ્રભાવિત થઈ હતી, જેના પરિણામે કાશિવાઝાકી-કરીવાના તમામ સાત રિએક્ટરો એક વર્ષથી નિષ્ક્રિય રહ્યા હતા.TEPCO ફુકુશિમા સાઈટ પર સફાઈ કામગીરી કરી રહી છે, જેના ખર્ચનો અંદાજ 22 ટ્રિલિયન યેન (અંદાજે 139 અબજ અમેરિકી ડોલર) મૂકવામાં આવ્યો છે. સાથે સાથે, કંપની તેની પ્રતિષ્ઠાને થયેલા નુકસાનમાંથી બહાર આવવાનો પ્રયાસ પણ કરી રહી છે, કારણ કે સરકારી અને સ્વતંત્ર તપાસોએ ફુકુશિમા દુર્ઘટનાનું કારણ TEPCOની નબળી સુરક્ષા સંસ્કૃતિને ગણાવ્યું હતું અને સુરક્ષા સત્તાવાળાઓ સાથેની સાંઠગાંઠ માટે તેની ટીકા કરી હતી.

# ઝારખંડમાં મોત બનીને ત્રાટક્યા જવાનો, ૩૬ કલાકમાં ૨૧ નક્સલી ઠાર

(સંપૂર્ણ સમાચાર સેવા)રાંચી

ઝારખંડના સારંડાના ગાઢ જંગલોમાં છુપાયેલા નક્સલીઓ પર સુરક્ષાદળો કાળ બનીને ત્રાટક્યા છે. છેલ્લા ૩૬ કલાકથી ચાલી રહેલી ભીષણ અથડામણમાં અત્યાર સુધીમાં ૨૧ નક્સલીઓને ઠાર મારવામાં આવ્યા છે. ગુરુવારે ૧૫ નક્સલીઓના મોતની પુષ્ટિ થયા બાદ, શુક્રવારે વધુ ૬ મૃતદેહો મળી આવતા મૃત્યુઆંક ૨૧ પર પહોંચી ગયો છે. સુરક્ષાદળોએ ૨ કરોડથી વધુના ઈનામી અને કુખ્યાત નક્સલી કમાન્ડર પતિરામ માંઝી ઉર્ફે અનલ દાને તેના ૨૫ સાથીઓ સાથે ઘેરી લીધો હતો. આ ઓપરેશનમાં અનલ દા સહિત ૨૧ નક્સલીઓ માર્યા ગયા છે. અનલ દા પર ઝારખંડ સરકારે એક કરોડ રૂપિયા, ઓડિશા સરકારે ૧.૨ કરોડ રૂપિયા અને નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)એ ૧૫ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. આમ, તેના પર કુલ ૨.૩૫ કરોડ રૂપિયાનું ઈનામ હતું. આ મોટી સફળતા CRPF અને ઝારખંડ પોલીસના સંયુક્ત ઓપરેશનનું પરિણામ છે. ગુપ્ત માહિતીના આધારે સુરક્ષાદળોએ પશ્ચિમ સિંહભૂમ જિલ્લાના સારંડાના ગાઢ જંગલોમાં નક્સલીઓની આ ટોળકીને ઘેરી લીધી હતી. નક્સલીઓ તરફથી ફાયરિંગ શરૂ થયા બાદ સુરક્ષાદળોએ મોરચો સંભાળ્યો અને જડબાતોડ જવાબી કાર્યવાહી કરી, જેમાં નક્સલીઓને ભારે નુકસાન થયું.



ટ્રેન નંબર 22962/22961

અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ
વંદે ભારત એક્સપ્રેસમાં
કામચલાઉ ધોરણે ચાર વધારાના કોચ ઉમેરવામાં આવશે અને તે
તા. 26.01.2026 થી તા. 07.03.2026
સુધી 20 કોચ રેક સાથે ચલાવાશે.

થોભવાના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષીત ટીકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.

# તંત્રી લેખ......

## બાંગ્લાદેશમાં દુશ્મનાવટ વધી રહી છે

ભારતમાં પોતાની ટીમ ન મોકલવાનો નિર્ણય લઈને, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે પોતાને ટી ૨૦ વર્લ્ડ કપમાંથી બહાર થવાના આરે જ મૂક્યું નથી, પરંતુ ભારત પ્રત્યેનો પોતાનો આંધળો વિરોધ પણ જાહેર કર્યો છે. વચગાળાની સરકારના રમતગમત સલાહકારે ટીમને ભારત ન મોકલવાનો નિર્ણય જે રીતે જાહેર કર્યો તે સ્પષ્ટપણે દર્શાવે છે કે સરકારે પોતે જ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને રમતગમત દર્શાવવાને બદલે ભારત વિરોધી ભાવનાઓ ભડકાવતી પ્રવૃત્તિઓમાં જોડાવા માટે દબાણ કર્યું હતું.

હવે કોઈ શંકા નથી કે મોહમ્મદ યુનુસ અને તેમના સહયોગીઓ, જેઓ બાંગ્લાદેશમાં વચગાળાની સરકારનું નેતૃત્વ કરી રહ્યા છે, તેઓ ચૂંટણી દરમિયાન બાંગ્લાદેશમાં ભારત વિરોધી વાતાવરણ જાળવવા માંગે છે. આ સૂચવે છે કે જો વચગાળાની સરકારમાં રહેલા તત્વો ચૂંટણી પછી સત્તામાં ચૂંટાય છે, તો તેઓ તેમનો ભારત વિરોધી વલણ ચાલુ રાખશે. આનાથી ભારત સામે પડકારો વધી શકે છે. પડકારો હજુ પણ છે, કારણ કે ત્યાં માત્ર ભારત વિરોધી ભાવનાઓ જ ભડકાવવામાં આવી રહી નથી, પરંતુ હિન્દુઓની હત્યાઓ પણ ચાલુ છે. એ પણ સ્પષ્ટ છે કે બાંગ્લાદેશ સરકાર આ હત્યાઓ પ્રત્યે બિલકુલ સંવેદનશીલ નથી.

બાંગ્લાદેશે આઈપીએલ ટીમ કેકેઆરએ તેના ક્રિકેટર મુસ્તફિઝુર રહેમાનને રિલીઝ કર્યાના બહાને પોતાની ટીમને ભારત ન મોકલવાનો નિર્ણય લીધો હતો. જો ભારતીય ક્રિકેટ બોર્ડે આવું થવા ન દીધું હોત અને આઈપીએલ હરાજીમાં બાંગ્લાદેશી ક્રિકેટરોનો સમાવેશ ન કર્યો હોત તો સારું થાત. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે કેકેઆરમાંથી મુસ્તફિઝુરને મુક્ત કરવાના નિર્ણયનો ઉપયોગ ભારતનો વિરોધ કરવા માટે કર્યો. બાંગ્લાદેશ સરકાર પણ તેમાં સામેલ થઈ ગઈ, જ્યારે તેના ક્રિકેટરો ટી ૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેવા માટે ઉત્સુક હતા. કમનસીબે, આવી ઈચ્છા વ્યક્ત કરનારાઓને ભારતીય એજન્ટ તરીકે ઓળખવામાં આવ્યા, તેઓ ભૂલી ગયા કે જો તેમની ટીમ ટી ૨૦ વર્લ્ડ કપમાં ભાગ નહીં લે, તો તેમના ક્રિકેટરોને તેના પરિણામો ભોગવવા પડશે. તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક વાતાવરણ અને આર્થિક લાભોથી વંચિત રહેશે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને પણ આર્થિક નુકસાન થશે. એવું માનવાના સારા કારણો છે કે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના પ્રભાવનો શિકાર બન્યું. પાકિસ્તાને બાંગ્લાદેશને ભારતમાં રમવાનો ઈનકાર કરવા માટે સક્રિયપણે પ્રોત્સાહિત કર્યું. જો બાંગ્લાદેશ સમજે કે જો તે તેની ટીમ ભારતમાં ન મોકલવાના નિર્ણય પર અડગ રહે છે, તો આઈસીસી પાસે તેની જગ્યાએ સ્કોટલેન્ડનો સમાવેશ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેશે નહીં.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૪૩૭ અને ચાંદીના વાયદામાં રૂ.૬૯૧૨ની વૃદ્ધિઃ ક્રૂડ તેલના વાયદામાં સેંકડા વધ્યા

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૨૧૯૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૭૮૧૪૭ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૭૨૩૦૨ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૪૩૭૮૪ પોઈન્ટના સ્તરે


મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૬૦૩૬૦.૦૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૨૧૯૩.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૭૮૧૪૭.૯૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૪૩૭૮૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૧૮૫.૦૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૭૨૩૦૨.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૮૮૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૨૨૬ અને નીચામાં રૂ.૧૫૫૨૪૮ના મથાળે અથડાઈ, રૂ.૧૫૬૩૪૧ના આગલા બંધ સામે રૂ.૪૩૭ વધી રૂ.૧૫૬૭૭૮ થયો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૪૮૦ વધી રૂ.૧૩૧૪૪૮ થયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૪૫ વધી રૂ.૧૬૪૯૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૮૦ વધી રૂ.૧૫૭૩૧૩ થયો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯૮૮૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૦૦૦૦ અને નીચામાં રૂ.૧૫૬૩૨૨ના મથાળે અથડાઈ, રૂ.૧૫૬૮૧૮ના આગલા બંધ સામે રૂ.૧૩૩૨ વધી રૂ.૧૫૮૧૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૩૩૩૩૩૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૩૯૯૨૭ અને નીચામાં રૂ.૩૨૭૫૦૨ના મથાળે અથડાઈ, રૂ.૩૨૭૨૮૯ના આગલા બંધ સામે રૂ.૬૯૧૨ વધી રૂ.૩૩૪૨૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૬૬૪૯ વધી રૂ.૩૩૯૦૪૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૬૭૮૯ વધી રૂ.૩૩૯૨૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૪૪૨૦.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.૮.૫ વધી રૂ.૧૨૮૧.૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.૧.૩૫ વધી રૂ.૩૧૩.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૧.૧ વધી રૂ.૩૧૬.૩ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો ૬૫ પૈસા વધી રૂ.૧૯૦.૮ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૫૪૫૧.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૮૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૯૮૯ અને નીચામાં રૂ.૩૯૧૨ના સ્તરને સ્પર્શી, રૂ.૫૮ ઘટી રૂ.૩૯૩૩ થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૪૯૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૫૭૪ અને નીચામાં રૂ.૫૪૮૨ના મથાળે અથડાઈ, રૂ.૫૪૪૦ના આગલા બંધ સામે રૂ.૧૨૯ વધી રૂ.૫૫૬૯ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૨૬ વધી રૂ.૫૫૬૮ થયો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬.૭ ઘટી રૂ.૪૫૬.૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૮.૫ ઘટી રૂ.૪૫૬.૮ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૦ના ભાવે ખૂલી, રૂ.૨.૩ ઘટી રૂ.૯૮૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૪૫ના ભાવે ખૂલી, રૂ.૧૮ ઘટી રૂ.૨૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪૪૦૦૩.૯૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૮૨૯૮.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૩૭૮૦.૩૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૨૬૬.૬૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૩૧.૯૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૨૩.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૧.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૬૧૩.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૪૮૨૬.૧૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૮.૦૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૩૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૦૩૧૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૯૭૨૫૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૪૬૬૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૫૧૧૯૪૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૩૭૫૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૪૩૫૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૮૪૦૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૫૫૬૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૪૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૪૨૦ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૩૦૬૪ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૪૩૫૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૪૨૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૪૩૩૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૭૯૫ પોઈન્ટ વધી ૪૩૭૮૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૭૪.૪ વધી રૂ.૨૭૮.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩ ઘટી રૂ.૨૮.૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૫૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૨૪૮૭.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૩૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૫૬૪ વધી રૂ.૧૨૧૦૫.૫ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૯૬ વધી રૂ.૫૪.૭૭ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૩ વધી રૂ.૯ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૮.૮ ઘટી રૂ.૨૨૦.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા ઘટી રૂ.૨૨ના ભાવે બોલાયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૭ ઘટી રૂ.૧૭૨૫.૫ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૩૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૦૦૦ ઘટી રૂ.૭૯૩૬ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૧૬ ઘટી રૂ.૪૨.૦૪ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૩ પૈસા ઘટી રૂ.૩ થયો હતો.

### વિવાદ DRC પાસે મોકલવા માંગ

# ટીમ ભારત ન મોકલવા ધમપછાડા કરતાં બાંગ્લાદેશનું નવું ગતકડું

### બાંગ્લાદેશની માંગ છે કે તેની મેચો ભારત બહાર રખાય

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

આગામી સાતમી ફેબ્રુઆરીથી ભારતમાં મેન્સ ટી૨૦ વર્લ્ડકપની શરૂઆત થવાની છે. એવામાં બાંગ્લાદેશ જીદ પકડીને બેઠું છે કે તે પોતાની ટીમ ભારત નહીં મોકલે. પાકિસ્તાનની તમામ મેચો શ્રીલંકામાં રમાવવાની છે. એ જ રીતે બાંગ્લાદેશની પણ માંગ છે કે તેની મેચો પણ ભારત બહાર રાખવામાં આવે. જોકે ટુર્નામેન્ટનું આયોજન કરતી ICC આ માંગ સ્વીકારવા તૈયાર નથી. ICCએ બાંગ્લાદેશને છેલ્લી ચેતવણી આપી હતી કે ભારતમાં રમવું હોય તો નહીંતર ટુર્નામેન્ટની બહાર જતાં રહો. જે બાદ હવે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ એટલે કે ICC વિરુદ્ધ વધુ એક નિર્ણય લીધો છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે ICCને પત્ર લખીને માંગ કરી છે કે તેમનો મામલો હવે સ્વતંત્ર સમિતિ DRC ને પાસે પાઠવવામા આવે. નોંધનીય છે કે આ સમિતિમાં સ્વતંત્ર વકીલો હોય છે જે ICC સાથે જોડાયેલા વિવાદો પર નિર્ણય લે છે. આ સમિતિમાં ICC, અન્ય કોઈ દેશનું બોર્ડ, ખેલાડી, અધિકારી પણ સામેલ થઈ શકે છે. આ સમિતિ ઈંગ્લેન્ડના કાયદા હેઠળ કામ કરે છે અને તેની સુનાવણી લંડનમાં કરવામાં આવે છે. બાંગ્લાદેશની વચગાળાની સરકારે સ્પષ્ટ કર્યું છે કે ગમે તે ભોગે તેમની ટીમ ભારત તો નહીં જ આવે. જો ICC માંગ નહીં સ્વીકારે તેઓ ટી૨૦ વર્લ્ડકપ રમશે જ નહીં. નોંધનીય છે કે બાંગ્લાદેશ ભારત સાથે પંગો લઈ રહ્યું છે તે વિવાદનું મૂળ IPL સાથે જોડાયેલું છે. હાલમાં જ IPLમાંથી બાંગ્લાદેશ ખેલાડી મુસ્તફિઝુર રહેમાનની હકાલપટ્ટી કરવામાં આવી હતી. ત્યારથી જ બાંગ્લાદેશ રોષે ભરાયેલું હતું.

બાંગ્લાદેશની માંગ કેમ સ્વીકારી શકાય તેમ નથી?

૧. સમગ્ર ટુર્નામેન્ટની તારીખ, જગ્યા વગેરે નક્કી થઈ ગયું છે અને યજમાન દેશ સાથે ICCના કરાર પણ થઈ ગયા છે. જે છેલ્લી ઘડીએ બદલી શકાય નહીં.

૨. જો ICC બાંગ્લાદેશની આ માંગ સ્વીકારે તો ભવિષ્યમાં ભારે અસ્થિરતા ઊભી થઈ શકે છે, તમામ ટીમો ગમે તે બહાનું આપી મેચનું સ્થળ બદલવા માંગ કરશે.

૩. ભારત પાસે આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને પૂરતી સુરક્ષા આપવાનો બહોળો અનુભવ છે અને અહીં મોટી ટુર્નામેન્ટ પણ શાંતિપૂર્ણ વાતાવરણ પણ થાય છે.

૪. ટીમો ક્યાં રોકાશે, મેચના પ્રસારણના સાધનો અને વ્યવસ્થા, હોટલ બુકિંગ, ફ્લાઈટ બુકિંગ, સ્ટેડિયમની ટિકિટો... બધુ જ છેલ્લી ઘડીએ બદલવું અશક્ય છે.

૫. ભારત અને પાકિસ્તાન છેલ્લા ઘણા વર્ષોથી દ્વિપક્ષીય શ્રેણી રમત જ નથી, તેથી બંને દેશોના ખેલાડી એકબીજાના દેશોમાં જવાનું ટાળે છે. જે અપવાદરૂપ છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૨૩/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૩૮૪ | ૧,૩૦૦.૦૦ | ૧,૬૪૩.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૨૬૦.૦૦ | ૧,૨૭૦.૦૦ |
| ૩ | ઘઉં | ૪ | ૫૧૦.૦૦ | ૫૩૨.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૫૦.૦૦ | ૪૬૦.૦૦ |
| ૫ | મકાઇ | ૦ | ૩૫૫.૦૦ | ૩૭૦.૦૦ |
| ૬ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૭ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૮ | કપાસ | ૦ | ૧,૩૦૫.૦૦ | ૧,૬૧૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અડાલજમાં યોજાયેલા વિશાળ સમૈયા મહોત્સવ ખાતે શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષ પૂર્ણ થયાનાં અવસરે ઉપસ્થિત રહ્યા : શિક્ષાપત્રીના દર્શન કરી ધન્યતા અનુભવી

### આધ્યાત્મિક ગ્રંથો, પુરાણ, કથાઓ અને સંતવર્યોના વચનામૃત, ધર્મ પરંપરા એ તો આપણી ભવ્ય વિરાસતો છે-મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ આજે વિક્રમ સંવત ૧૮૮૨ની વસંત પંચમીએ વડતાલની પવિત્ર ધરા પર ભગવાન સ્વામિનારાયણ દ્વારા રચાયેલી શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના સમૈયાના ઉમંગ અવસરે અડાલજ ખાતે , ઉપસ્થિત રહ્યા હતા.

આ સમૈયા મહોત્સવમાં સહભાગી થઈ તેમણે શિક્ષાપત્રી અને ભગવાન સ્વામિનારાયણના દર્શન- અર્ચન કરી ધન્યતા અનુભવી હતી.

વસંત પંચમી એટલે જ્ઞાન-સાધના-શિક્ષણની આરાધ્ય દેવી માતા સરસ્વતીની વંદનાનો દિવસ એમ જણાવી મુખ્યમંત્રી શ્રી એ ઉમેર્યું કે,ભગવાન સ્વામિનારાયણે પણ"શિક્ષાપત્રી" દ્વારા શિસ્ત, સંયમ, સદાચાર અને સમરસતા તરફ લઈ જતી વિચારધારાનું સમાજ શિક્ષણ આપવાનું યુગ કાર્ય કર્યું છે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે,શિક્ષાપત્રીએ ધર્મને માત્ર ઉપાસના સુધી સીમિત નથી રાખ્યો, વ્યવહારિક જીવનમાં સમરસતા, એકતા અને બંધુતા સાથે પણ જોડ્યો છે.વિશ્વનેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસનો જે મંત્ર આપ્યો છે તેને શિક્ષાપત્રી સમૈયા ઉત્સવ સાકાર કરે છે.

મને આ ઉત્સવમાં સહભાગી થઈને સંતોના આશીર્વાદ અને આપ સૌ હરિભક્તોના દર્શનનો લહાવો મળ્યો છે તે માટે હું મારી જાતને ભાગ્યશાળી ગણું છું, એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે,આધ્યાત્મિક ગ્રંથો, પુરાણ, કથાઓ અને સંતવર્યોના વચનામૃત ધર્મ પરંપરા એ તો આપણી ભવ્ય વિરાસતો છે.

શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષ પૂરા થવાના અવસરે મહાયાગ, વેદપાઠના પઠન અને અખંડ ધૂનથી આવી આધ્યાત્મિક વિરાસતને વ્યાપક બનાવવાનું આ સમૈયો અર્થપૂર્ણ માધ્યમ છે.

સાથોસાથ વડાપ્રધાન શ્રી મોદી સાહેબે આપેલા 'વિરાસત ભી, વિકાસ ભી'ના ધ્યેયને પાર પાડનારો પ્રસંગ પણ છે. આ ઉત્સવમાં ઓગમેન્ટેડ રિયાલિટી, વર્ચ્યુઅલ રિયાલિટી અને એ.આઈ.નો ઉપયોગ કરીને લોકો શિક્ષાપત્રીના સંદેશાઓ જોઈ-સમજી શકશે. સામૈયાના ઓડિટોરિયમ માટે સોલાર એનર્જીનો ઉપયોગ તથા આ સ્થળે પ્લાસ્ટિકનો ઓછામાં ઓછો ઉપયોગ કરીને સમૈયો ગો-ગ્રીન ઈકો સિસ્ટમ મુજબ બનાવવામાં આવ્યો છે તે માટે આયોજકોને અભિનંદન આપ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આજનો સમય ઝડપી વિકાસ, ટેકનોલોજી અને ભૌતિક સુવિધાઓનો યુગ છે.પરંતુ એક વાત સૌએ સ્વીકારવી જ પડે કે, આંતરિક શિસ્ત, ઈનર પીસ અને નૈતિક આધાર વિના વિકાસ ટકી શકતો નથી.

સ્વામિનારાયણ ભગવાને રચેલી શિક્ષાપત્રી આપણને આધ્યાત્મિક મૂલ્યો વ્યવહારિક જીવનમાં ઉતારીને આ સંતુલન જાળવવાનો રાજમાર્ગ બતાવે છે, એમ કહીને જણાવ્યું હતું કે, અહિંસા, સત્ય, વ્યસનમુક્તિ, સામાજિક સમરસતા અને જવાબદાર નાગરિકત્વ આ બધા જ મૂલ્યો શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષ પછી આજે પણ એટલા જ પ્રાસંગિક છે.

તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતના નિર્માણ માટે નશા મુક્ત ભારતની સંકલ્પના વિશે જણાવી કહ્યું હતું કે,ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આપેલો વ્યસન મુક્તિનો સંદેશ ઘર ઘર સુધી પહોંચાડીને સ્વસ્થ સમાજના નિર્માણમાં આ સમગ્ર સંપ્રદાય મહત્ત્વનું યોગદાન આપે છે. ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીની રચના કરીને લોકસેવાનો જે પથ ચીંધ્યો તે સૌને સદાચારી જીવન કેવી રીતે જીવવું તેનો સરળ માર્ગ બતાવે છે. મુખ્યમંત્રી શ્રીએ સ્વામિનારાયણ સંપ્રદાય અંગે જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતી પર સ્વામિનારાયણ પરંપરાએ સમાજ સુધારણા અને સમાજ શિક્ષણનું જે કામ કર્યું છે તે શિક્ષાપત્રીના વિચારનું વાસ્તવિક જીવંત સ્વરૂપ છે. રાષ્ટ્રહિત પ્રથમ અને સમાજનું ભલું કરવાનો સદભાવ એ સ્વામિનારાયણના હરિભક્તોની ઓળખ છે. આ સંપ્રદાય દ્વારા ઘર સભામાં સદાચારના પાઠ દ્વારા કુટુંબ પ્રબોધનનું ખૂબ મહત્ત્વનું કાર્ય થઈ રહ્યું છેગ તે વિકસિત ભારતના નિર્માણમાં મહત્ત્વનું બનશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત માટે જનહિતના ૯ સંકલ્પો આપ્યાં છે,

પહેલો સંકલ્પ – પાણી બચાવો, બીજો સંકલ્પ – એક પેડ માં કે નામ, ત્રીજો સંકલ્પ – સ્વચ્છતા, ચોથો સંકલ્પ – વોકલ ફોર લોકલ. પાંચમો સંકલ્પ – દેશદર્શન, છઠો સંકલ્પ – પ્રાકૃતિક ખેતી, સાતમો સંકલ્પ – હેલ્ધી અને આરોગ્યપ્રદ જીવનશૈલી, આઠમો સંકલ્પ – યોગ અને રમત-ગમત જીવનનો હિસ્સો બને, નવમો સંકલ્પ – ગરીબોની સહાયતા અંગે વિગતે જણાવીને, મુખ્યમંત્રીશ્રીએ સ્વામિનારાયણ સંપ્રદાય સત્સંગ-સભાઓમાં આ નવ સંકલ્પો વિશે જનજાગૃતિ જગાવશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે, ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણના સંકલ્પને વિકસિત ગુજરાતથી વેગ આપવામાં સફળતા મળે તેવા આશીર્વાદ ભગવાન સ્વામિનારાયણ આપે એવી પ્રાર્થના પણ આ અવસરે કરી હતી.

સમૈયા મહોત્સવ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વીડિયો સંદેશનું પ્રસારણ કરી સર્વે હરિભક્તોને શુભેચ્છા આપવામાં આવી હતી.

મહોત્સવ પ્રસંગે કાલુપુર સ્વામિનારાયણ મંદિરના મુખ્ય મહારાજ શ્રી કૌશલ્યપ્રસાદજી તથા શ્રી રાજેન્દ્ર પ્રસાદ (લાલજી) મહારાજશ્રીએ શિક્ષાપત્રી અને તેના મૂલ્યો, ગૃહસ્થ, સંત અને સભ્ય સમાજમાં આદર્શ સ્થિતિના સિદ્ધાંતો વિશે માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેમણે જન જન સુધી શિક્ષાપત્રીના મૂલ્યો પહોંચે તે માટે હરિભક્તોને અપીલ કરી હતી.

- પારુલ મણિયાર,
દિવ્યા ત્રિવેદી

### રેહાના ત્રણ વર્ષથી રાજકોટ પરત નથી ફરી શકી

# રાજકોટની પરિણીતા પાકિસ્તાનમાં ફસાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

પાકિસ્તાનના કરાંચીની રેહાનાએ રાજકોટના પરવેઝ શેખ સાથે વર્ષ ૨૦૧૫માં લગ્ન થયા હતા. લગ્ન બાદ પતિ અને બાળકો સાથે રેહાના રાજકોટમાં રહેતી હતી. વર્ષ ૨૦૨૨માં વિઝા રિન્યુઅલ માટે પાકિસ્તાન ગયા બાદ તેમને ભારતના વિઝા જ નથી મળી રહ્યા. જેના કારણે રેહાના ત્રણ વર્ષથી રાજકોટ પરત નથી ફરી શકી. આ મામલો ત્યારે ચર્ચામાં આવ્યો જ્યારે રેહાનાએ સોશિયલ મીડિયા પર એક ભાવુક વીડિયો શેર કર્યો હતો. ત્યારે રેહાના અને પતિ પરવેઝ શેખ બંને ભારત સરકાર પાસે પરત રાજકોટ લાવવાની વિનંતી કરી રહ્યા છે. પરવેઝ શેખે ભારત અને પાકિસ્તાન બંને દેશોની એમ્બેસીમાં અનેક રજૂઆતો કરી છે. પરંતુ ત્રણ વર્ષથી કોઈ ઉકેલ આવતો નથી. ત્યારે પરવેઝે ન્યાય માટે હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવવાની તૈયારી દર્શાવી છે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### WEF 2026 સંપન્નઃ વૈશ્વિક રોકાણકારોના વિશ્વાસના પ્રતીક તરીકે ગુજરાત અગ્રેસર

# દાવોસમાં ગુજરાતનો ડંકોઃ વિશ્વાસ, વિકાસ અને વૈશ્વિક ભાગીદારીનું નવું સરનામુ

# દાવોસથી દુનિયા સુધી ગુંજ્યો ગુજરાતનો અવાજઃ રોકાણ માટે ગુજરાત મજબૂત દાવેદાર

**નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ૫૮થી વધુ ઉચ્ચ સ્તરીય બેઠકો દ્વારા વૈશ્વિક રોકાણકારો સાથે ગુજરાતના અતૂટ વિશ્વાસનું જોડાણ**

સ્વિટ્ઝર્લેન્ડના દાવોસ ખાતે તા.૧૯ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે વિશ્વભરના અગ્રણી ચેરપર્સન, CEO, રોકાણકારો અને બહુપક્ષીય સંસ્થાઓ સાથે ૫૮થી વધુ મહત્વપૂર્ણ બેઠકો યોજી હતી. આ બેઠકો થકી વિવિધ ક્ષેત્રોમાં રોકાણ માટે ભારતના સૌથી વિશ્વસનીય અને પ્રગતિશીલ રાજ્ય તરીકે ગુજરાતે પોતાનું સ્થાન વધુ મજબૂત કર્યું છે.

આ પાંચ દિવસીય વૈશ્વિક મંચ દરમિયાન, ગુજરાતે મજબૂત ઔદ્યોગિક પાયો, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નવીનતા આધારિત આર્થિક વિકાસનું વિઝન રજૂ કર્યું હતું. પ્રતિનિધિમંડળે ઉદ્યોગ જગતના માંધાતાઓ સાથે ચર્ચા કરતા જણાવ્યું હતું કે, ગુજરાત નેક્સ્ટ જનરેશન ઉદ્યોગો, એડવાન્સ મેન્યુફેક્ચરિંગ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ક્લીન એનર્જી અને ફ્યુચર ટેક્નોલોજી માટે સંપૂર્ણ સજ્જ છે. ગુજરાતે પોતાની પરંપરાગત ઔદ્યોગિક શક્તિની સાથે સાથે બદલાતા સમય સાથે કદમ મિલાવવાની તૈયારીઓ પણ વિશ્વ સમક્ષ મૂકી છે. ગુજરાતે દુનિયાને જણાવ્યું કે, અમે માત્ર વેપારમાં જ નહીં, પણ રમતગમત ક્ષેત્રમાં પણ વિશ્વ કક્ષાનું માળખું ઊભું કરી રહ્યા છીએ. આપણા યુવાનો અને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેનું આ વિઝન રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

ગુજરાતે આ વૈશ્વિક મંચ પર સાબિત કર્યું છે કે, "અમે માત્ર ઉદ્યોગલક્ષી જ નહીં, પણ રોકાણકારો માટે સુરક્ષિત અને અમલીકરણમાં પણ ઝડપી છીએ." વૈશ્વિક કક્ષાએ પણ ગુજરાતના ગવર્નન્સ મોડલ અને 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ' પ્રત્યે એક અતૂટ વિશ્વાસ જોવા મળ્યો છે. રાજ્યની નીતિઓમાં રહેલી સ્થિરતા અને દીર્ઘકાલીન આયોજન એ વિશ્વના રોકાણકારો માટે સૌથી મોટું આકર્ષણ બન્યું છે.

ગુજરાતે ખૂબ જ સુંદર રીતે પોતાની છબી રજૂ કરી છે. ગુજરાતની સ્પર્ધા માત્ર આગળ વધવા માટે નથી, પણ અન્ય રાજ્યો સાથે મળીને ભારતની આર્થિક વ્યવસ્થાને મજબૂત કરવા માટેની છે. આ 'કોમ્પિટિટિવ છતાં કોલાબોરેટિવ' અભિગમ એ ગુજરાતની સાચી ઓળખ છે.

ગુજરાતની આર્થિક સફર એ માત્ર આંકડાઓની રમત નથી, પણ એક દૂરંદેશી નેતૃત્વ દ્વારા કંડારાયેલો સફળતાનો માર્ગ છે. આજે જ્યારે વિશ્વ ગુજરાત તરફ આશાભરી નજરે જોઈ રહ્યું છે, ત્યારે તેની પાછળ વર્ષોની તપસ્યા અને દ્રઢ સંકલ્પ રહેલો છે. જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હત, ત્યારે તેમણે રાજ્યના વિકાસને એક નવી દિશા આપી હતી. 'વાઈબ્રન્ટ ગુજરાત' જેવા અભિગમો દ્વારા તેમણે ગુજરાતમાં પરિવર્તનલક્ષી વિકાસનો એવો પાયો નાખ્યો, જેણે ગુજરાતને વૈશ્વિક રોકાણકારો માટેનું પહેલું પસંદગીનું સ્થળ બનાવ્યું છે.

ગુજરાતમાં રોકાણ કરવું એ માત્ર આર્થિક નિર્ણય નથી, પણ ઉજ્જ્વળ ભવિષ્યની ગેરંટી છે. અડગ અને સ્પષ્ટ સરકારી નીતિઓ, મહેનતુ અને બૌદ્ધિક રીતે સજ્જ યુવા શક્તિ, પારદર્શક વહીવટ અને ભરોસાપાત્ર સરકારી તંત્ર તથા ફ્યુચર-રેડી ઈકોસિસ્ટમ આ પાંચ મહત્વની શક્તિઓ ગુજરાતે વૈશ્વિક મંચ પર રજૂ કરી હતી.

દાવોસના મંચ પરથી ગુજરાતે વિશ્વને એક અતૂટ ભરોસો આપ્યો છે. વૈશ્વિક મંચ પરથી ગુજરાત માત્ર સમજૂતીઓ લઈને નહીં, પણ નવા મજબૂત સંબંધો અને અતૂટ વૈશ્વિક વિશ્વાસ લઈને પરત ફરી રહ્યું છે.

**WEF 2026** ના સફળ સમાપન સાથે ગુજરાત આજે વિશ્વના નકશા પર એક એવા આર્થિક શિખર તરીકે ઉભરી આવ્યું છે, જ્યાં અતૂટ વિશ્વાસ અને અપાર તકોનો સંગમ થાય છે. દાવોસથી મજબૂત વૈશ્વિક સંબંધોની મૂડી લઈને પરત ફરતું ગુજરાત હવે 'વિકસિત ગુજરાત @ ૨૦૪૭' ના વિઝન સાથે નવી ઊંચાઈઓ સર કરવા સજ્જ છે.

ગુજરાત દુનિયાભરના રોકાણકારો માટે ભરોસાનું સરનામું બન્યું છે. ભારતને વૈશ્વિક આર્થિક મહાસત્તા બનાવવાના મિશનમાં ગુજરાત હવે એક મજબૂત સારથિ બનીને સમગ્ર વિશ્વને આવકારવા સજ્જ છે.

## અમદાવાદના દાણીલીમડાની ઘટનાઃ એક તરફી પ્રેમમાં પાગલ બની પરિણિતા પર હુમલો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના દાણીલીમડામાં એક તરફી પ્રેમમાં પાગલ શખ્સે પરિણીતાનો પીછો કરીને તું મારી સાથે કેમ વાત નથી કરતી કહીને છરીના ઘા માર્યા હતા. જે અંગે દાણીલીમડા પોલીસે ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી છે. સાથે જ આરોપીએ હુમલાના સીસીટીવી સોશિયલ મીડિયા પર વાયરલ કરી ધમકી પણ આપી હોવાનું સામે આવ્યું છે.જે અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી.દાણીલીમડા પોલીસે રહીમ ઉર્ફે નોમાન શેખની ધરપકડ છે. જેણે એક તરફી પ્રેમમાં પાગલ બની પરિણિતા પર હુમલો કર્યો હતો. વાયરલ થયેલા સીસીટીવીમાં જોવા મલે છે કે આરોપી પરણીતાનો પીછો કરી બેકરીમાં જઈને છરીના ઘા મારે છે. 'તું એકલી ક્યા ફરે છે મારી સાથે વાત કેમ નથી કરતી' તેવુ કહીને છરી વડે ઉપરા છાપરી હુમલા કરવા લાગે છે. જે સીસીટીવી અને હુમલા અંગેની રજૂઆત પોલીસને મળતા પોલીસે ગુનો દાખલ કરી આરોપી નોમાનની ધરપકડ કરી છે. મહત્વનું છે કે પરિણીતાના લગ્ન થઈ જતા તેણે આરોપી યુવક સાથેથી પોતાનો છેડો ફાડી નાખ્યો હતો. અને તેની સાથે વાતચીત બંધ કરતાં એક તરફી પ્રેમમાં પાગલ બની પરણીતા નો પીછો કરી તેના પર હુમલો કર્યો હતો. પોલીસે હુમલાનો ગુનો દાખલ કરી તપાસ કરતા હકીકત સામે આવી કે બહેરામપુરામાં રહેતી ૨૧ વર્ષીય પરિણીતા પરિવાર સાથે રહે છે. જેમાં એક વર્ષ પહેલા તેને પતિ સાથે છુટાછેડા થયા હતા. બાદમાં ૨૮ ડિસેમ્બર ૨૦૨૫એ બીજા લગ્ન કર્યા હતા. ગત ૨૧ જાન્યુઆરીએ તે પિયરમાં રહેવા આવી હતી. ત્યાર તેનો સંપર્ક કસાઈ જમાતની ચાલીમાં રહેતા રહીમ ઉર્ફે નોમાન શેખ સાથે થઈ હતી.

## બગદાણા પ્રકરણને લઈ ૧ ફેબ્રુઆરીએ કોળી સમાજનુ મહાસંમેલન : નવનીત બાલધીયાની વિડીયો થકી લોકોને ન્યાય સભામાં હાજર રહેવાની કરી હાકલ

પ્રતિનિધિ,ગાંધીનગર

બગદાણા આશ્રમના સેવક નવનીત બાલધીયા પર થયેલા હિચકારા હુમલાને પગલે રોષે ભરાયેલો કોળી સમાજ હવે લડી લેવાના મુડમાં છે. નવનીત બાલધીયાને ન્યાય મળે તે માટે ભાવનગરમાં ૧ ફેબ્રુઆરીએ મહાસંમેલન બોલાવવામાં આવ્યુ છે. જેમાં કોળી સમાજના તમામ આગેવાનો સહિત તમામ લોકોને મોટી સંખ્યામાં જોડાવવા માટે હાકલ કરી છે.



આ સંદર્ભે ભોગ બનનારા નવનીત બાલધીયા દ્વારા વિડીયો સંદેશ મારફતે લોકોને આહવાન કરવામાં આવ્યુ છે. જેમા નવનીત બાલધીયાએ જણાવ્યુ છે કે આગામી ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ભાવનગર શહેરમાં ભાવનગરમાં ન્યાય સભા યોજાવવા જઈ રહી છે. જેમાં તમામ કોળી બંધુઓએ હાજર રહેવુ જરૂરી છે. નવનીત બાલધીયાએ કોળી સમાજના યુવાનો, મહિલાઓ અને વડીલોને પણ મહાસંમેલનમાં હાજર રહેવા વિનંતી કરી છે.

હકીકતમાં જાણીતા ડાયરા કલાકાર માયાભાઈ આહીરે મુંબઈમાં એક કાર્યક્રમમાં બગદાણા આશ્રમને લઈને ટીપ્પણી કરી હતી. જેથી બગદાણા આશ્રમના સેવક નવનીત બાલધીયાએ માયાભાઈ આહીરને તેમની ભુલથી વાકેફ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ માયાભાઈ આહીરે સોશીયલ મીડીયામાં વિડીયો થકી પોતાની ટીપ્પણીને લઈને માફી પણ માંગી લીધી હતી. જો કે ૨૯ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ ૮ જેટલા ઈસમોએ નવનીત બાલધીયા પર જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલા પાછળ માયાભાઈ આહીરના પુત્ર જયરાજસિંહ આહીર ની સંડોવણી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આ કેસમાં પોલીસની તપાસ પણ શરૂઆત થી જ શંકાના ઘેરામાં રહી હતી. કોળી સમાજના આક્રોશને પગલે સરકાર દ્વારા સમગ્ર મામલે તપાસ માટે એસઆઈટી ની રચના કરવામાં આવી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જયારે માયાભાઈનો પુત્ર જયરાજ આહીર પણ ગઈ કાલે એસઆઈટી સમક્ષ હાજર રહ્યો હતો. જયાં તેની સતત સાડા ત્રણ કલાક સુધી પુછપરછ કરવામાં આવી હતી.

બગદાણાના નવનીત બાલધીયા નામના કોળી યુવક પર ૮ શખ્સે ૨૯ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ રાત્રીના હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા નવનીત બાલધીયાએ ૧ જાન્યુઆરીએ હીરા સોલંકી સાથેની મુલાકાત બાદ પણ કહ્યુ હતુ કે મુંબઈના એક કાર્યક્રમમાં માયાભાઈ આહીરે બગદાણા ટ્રસ્ટમાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકે યોગેશભાઈ સાગરના નામનો ઉલ્લેખ કર્યો હતો. જેથી મેં માયાભાઈ આહીરને ફોન કરી જાણ કરી હતી કે બગદાણાના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે કોઈ નથી.

## પાટીદાર, ઠાકોર બાદ હવે રબારી સમાજમાં પરીવર્તનનો શંખનાદ : ધારાસભ્ય માવજી દેસાઈના નેતૃત્વમાં ડીસામાં યોજાશે મહાસંમેલન

### ઉત્તર ગુજરાતના રબારી સમાજ માટે નવા બંધારણની રચના કરાશેઃ ૨૫ જાન્યુ. એ બનાસકાંઠાના ડીસા ખાતે મહાસંમેલનનુ આયોજન

પ્રતિનિધિ,ગાંધીનગર

હજારો વરસોની ભવ્ય સંસ્કૃતિ અને પરંપરા ધરાવતા રબારી સમાજમાં સુધારાના પવન ફુંકાઈ રહ્યા છે. સમાજના અગ્રણી અને ધાનેરાના ધારાસભ્ય માવજી દેસાઈના નેતૃત્વમા ઉત્તર ગુજરાતના રબારી સમાજ માટે નવા બંધારણની રચના કરવા માટે ૨૫ જાન્યુઆરીએ બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે મહાસંમેલનનુ આયોજન કરવામાં આવ્યુ છે.




આ સંમેલન શ્રી એમ એમ દેસાઈ શૈક્ષણિક સંકુલમાં યોજાશે. જેમાં સમાજના આગેવાનો, પ્રતિનિધિઓ અને સભ્યો મોટી સંખ્યામાં ભાગ લેશે. રબારી સમાજની મુળ જડો સિંધ પ્રદેશમાં છે. ત્યાંથી રાજસ્થાન અને પછી ઘાસચારાની તંગીને કારણે ગુજરાત તથા કચ્છમાં ફેલાયેલો આ સમાજ આજે ૧૩૩ થી વધુ શાખાઓ અને પરગણાઓમાં વિખેરાયેલો છે. માવજી દેસાઈએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે સિંધ પ્રદેશથી રાજસ્થાન પછી ગુજરાતમાં આવ્યો સમાજ, રબારી સમાજની વરસો જુની પોતાની પરંપરા છે અને પરંપરાઓના આધાર પર ચાલતો સમાજ છે. તેમણે ઉમેર્યુ કે રબારી સમાજમાં કોઠા સુઝ ખુબ છે, પરંતુ સમય સાથે પ્રથાઓમાં સુધારા કરવાની જરૂર છે. સમાજમાં પરંપરાગત રીતરીવાજોને કારણે કેટલીક પ્રથાઓ જેમ કે વધુ પડતા ખર્ચાળ લગ્ન અને દેખાદેખીના કારણે અનાવશ્યક વ્યય થતો હોય છે.

વધુમાં માવજીભાઈએ કહ્યુ કે પહેલા ઓછા ખર્ચમાં લગ્ન થતા હતા. પરંતુ આજે સામાન્ય લગ્ન ૧૦ લાખથી ઓછામાં થતા નથી. દેખાદેખી માં ખોટા ખર્ચાઓ થઈ રહ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યુ કે ખોટા ખર્ચા બંધ થાય, દેખાદેખી બંધ થાય તે જરૂરી છે. પૈસાનો ઉપયોગ શિક્ષણ માટે થાય તે જરૂરી છે. માવજી દેસાઈને સમાજ સેવક કે સમાજ સુધારક કહી શકાય તેમ છે. તેમના કર્મ પાછળ કરૂણાનો ભાવ સ્પષ્ટ દેખાય છે. તેમણે જણાવ્યુ કે ઠાકોર સમાજે સમયની માંગને અનુરૂપ બંધારણ નકકી કર્યુ છે અને હવે રબારી સમાજ પણ તે દિશામાં આગળ વધી રહ્યો છે. અમારા સમાજમાં ૬ મહિનાથી આગેવાનો વચ્ચે વાતો થતી હતી , તેમણે કહ્યુ આ મહાસંમેલનમાં નવા બંધારણ પર ચર્ચા કરવામાં આવશે. જેમાં ખર્ચા પર કાપ મુકીને સંપત્તિના સદપયોગ પર ભાર મુકવામાં આવશે. તેમણે ઉદાહરણ આપતા કહ્યુ કે અખુટ સંપત્તિ હોવા છતાં સમાજમાં ઓછા ખર્ચે લગ્ન થાય અને સમુહલગ્ન પ્રથાને પ્રોત્સાહન મળે તે માટે તેમણે પોતાની એક ની એક દિકરીના લગ્ન સમુહલગ્નમાં કરાવ્યા છે. આ ઉદાહરણ સમાજને પ્રેરણા આપે છે. વધુમાં તેમણે કસુંબા પ્રથાને સંપૂર્ણપણે બંધ કરીને સમાજને લાભ આપ્યો છે.

### ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસનો ૬ઠ્ઠો પદવીદાન સમારોહ સંપન્નઃ ૧૦૪ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ

# ટ્રાન્સપ્લાન્ટેશન દ્વારા નિરાશ દર્દીઓના જીવનમાં 'વસંત' ખીલાવવાનું પુણ્યકાર્ય એટલે તબીબી સેવાઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત

ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસના છઠ્ઠા પદવીદાન સમારંભમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પદવી મેળવનારા તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે, ટ્રાન્સપ્લાન્ટેશન એ માત્ર ચિકિત્સા પદ્ધતિ નથી, પરંતુ નિરાશ થયેલા દર્દીઓના જીવનમાં ફરીથી 'વસંત' ખીલાવવાનું પુણ્યકાર્ય છે.







અમદાવાદ સિવિલ હોસ્પિટલના માં શારદા લક્ષ્મી હૉલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને માર્ગદર્શન આપતાં રાજ્યપાલશ્રીએ કહ્યું કે, જ્યારે કોઈ દર્દી તેનાં અંગો નિષ્ફળ થવાથી જીવનની આશા છોડી દે છે, ત્યારે આ સંસ્થાના ડોક્ટરો અંગ પ્રત્યારોપણ દ્વારા તેને નવજીવન આપે છે. આ પરોપકારી કાર્યને કારણે જ સમાજમાં ડોક્ટરને ભગવાનનું સ્વરૂપ માનવામાં આવે છે. તેમણે સંસ્થા દ્વારા ઉપયોગમાં લેવાતી આધુનિક ટેકનોલોજી અને હજારો લોકોને મળેલા જીવનદાન બદલ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

રાજ્યપાલશ્રીએ આધુનિક જીવનશૈલીની સ્વાસ્થ્ય પર થતી અસરો વિશે ગહન ચિંતન રજૂ કર્યું હતું. તેમણે મનુષ્ય અને પ્રાણીસૃષ્ટિ વચ્ચેનો ભેદ સમજાવતાં કહ્યું કે પ્રકૃતિના અન્ય જીવો ક્યારેય કુદરતી ખોરાકનો ત્યાગ કરતા નથી, જ્યારે મનુષ્ય પોતાની બુદ્ધિનો દુરુપયોગ કરી ખોટા આહાર-વિહાર તરફ વળ્યો છે અને અનેક બીમારીઓને નોતરે છે.

તેમણે ઉમેર્યું કે ગાડીમાં ભેળસેળવાળું પેટ્રોલ ન આવી જાય, તેની કાળજી રાખતો માણસ પોતાના શરીરમાં ગમે તેવો ખોરાક નાખતા ખચકાતો નથી. જે અનેક રોગોનું મૂળ કારણ છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓ અને નાગરિકોને પ્રાકૃતિક ખેતી અને શુદ્ધ આહાર તરફ વળવા પર ભાર મૂક્યો હતો.

રાજ્યપાલશ્રીએ પદવી મેળવનારા વિદ્યાર્થીઓને અને તબીબી જગતને માત્ર રોગની સારવાર જ નહીં, પરંતુ લોકોને માંદા ન પડવા માટે માર્ગદર્શન આપવા પર ભાર મૂક્યો હતો. તેમણે યુવા ડોક્ટરોને દર્દી પ્રત્યે સેવાભાવ રાખીને તબીબી વિજ્ઞાનના અભૂતપૂર્વ વિકાસનો લાભ છેવાડાના માણસ સુધી પહોંચાડવા માટે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત નેશનલ મેડિકલ કમિશન (NMC)ના ચેરમેન ડૉ. અભિજાત શેઠે દીક્ષાંત સમારોહને સંબોધતા જણાવ્યું હતું કે તબીબી ક્ષેત્રે માત્ર પદવી મેળવવી એ અંત નથી, પરંતુ આજીવન શીખવાની પ્રક્રિયાની શરૂઆત છે. તેમણે પોતાના અમદાવાદ સાથેના સંસ્મરણો પણ તાજાં કર્યાં હતાં.

તેમણે જણાવ્યું કે ભારત પાસે વિશ્વસ્તરીય તબીબી પ્રતિભા છે, પરંતુ હવે દેશભરમાં તબીબી શિક્ષણમાં એકરૂપતા અને ઉચ્ચ ધોરણો સ્થાપિત કરવા એ મુખ્ય લક્ષ્ય છે. તેમણે યુવા ડોક્ટરોને શિખામણ આપી હતી કે જ્ઞાન માત્ર માહિતીથી નહીં, પણ અનુભવથી મળે છે, જે તેમને એક કુશળ નિષ્ણાત બનાવે છે.

NMCની ભાવિ યોજનાઓ વિશે માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે આગામી સમયમાં ક્લિનિકલ રિસર્ચ ક્ષેત્રે મહત્ત્વના સુધારાઓ માટે ICMR અને વિજ્ઞાન-ટેકનોલોજી ક્ષેત્રની સંસ્થાઓ સાથે મળીને દેશભરમાં સંશોધનની સંસ્કૃતિ ઊભી કરવામાં આવશે.

આ ઉપરાંત, ટેકનોલોજીના યુગમાં ડિજિટલ શિક્ષણ, વેબિનાર અને કૌશલ્ય વર્ધક કાર્યક્રમો દ્વારા શિક્ષણ પ્રણાલીને વધુ સુદૃઢ બનાવવામાં આવશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો હેલ્થકેરમાં ઉપયોગ અને બદલાતી જરૂરિયાતો મુજબ નવી વિશેષતાઓ વિકસાવવા પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે, જેથી સામાન્ય નાગરિકોને ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ મળી રહે તેમ તેમણે ઉમેર્યું હતું.

GUTSના કુલપતિ શ્રી પ્રાંજલ મોદીએ સૌને આવકારીને પદવી મેળવનારા સૌ વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. યુનિવર્સિટીની કામગીરીની વિગતો આપતાં તેમણે જણાવ્યું કે વર્ષ ૨૦૨૫માં કુલ ૫૦૨ કિડની અને ૮૬ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યાં છે. જે પૈકી ૭૦ ટકા લોકોએ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત કરવામાં આવ્યાં છે. રાજ્ય સરકારની સહાયથી રોબોટિક સર્જરીને નિઃશુલ્ક કરવામાં આવી છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોએ ડૉ. એચ.એલ. ત્રિવેદીના સેવાકીય વારસાને યાદ કરી, તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે કુલ ૧૦૪ વિદ્યાર્થીઓ પદવી મેળવવા માટે પાત્ર ઠર્યા હતા. જેમાં યુરોલોજી, એનેસ્થેસિયોલોજી, ફિઝિયોથેરાપી, નર્સિંગ, રીનલ પેથોલોજી, લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એબ્ડોમિનલ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન, ડિપ્લોમા ઈન લેબોરેટરી ટેકનોલોજી, ડાયાલિસિસ ટેકનોલોજીનાં પ્રમાણપત્રો અપાયા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત યુનિવર્સિટી ઑફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસના ઈન્ચાર્જ રજિસ્ટ્રાર કમલ મોદી, વિવિધ વિભાગના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ તેમજ તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં વિવિધ યોજનાઓની વ્યાપક સમીક્ષા અંગે બેઠક યોજાઇ

# રાજ્યના ગામડાઓ ઈકોનોમી હબ બનશે ત્યારે જ વડાપ્રધાનશ્રીનું વિકસિત ભારત ૨૦૪૭નું વિઝન સાકાર થશેઃ ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા

ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં તાજેતરમાં ગાંધીનગર ખાતે ગ્રામ વિકાસ અંતર્ગત અમલીકૃત યોજનાઓની કામગીરી અંગે વ્યાપક સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.




આ બેઠકમાં મંત્રીશ્રીએ પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ(PMAY-G), સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ(SBM-G), મહાત્મા ગાંધી નરેગા(MGNREGA) અંતર્ગત કરવામાં આવતી વિવિધ કામગીરીની વિસ્તૃત માહિતી મેળવી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત@૨૦૪૭ના વિઝન પર ભાર મુકતાં ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, રાજ્યના ગામડાઓ ઈકોનોમી હબ બનશે ત્યારે જ વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થશે. જેથી ગામોને શહેર જેવા વિકસિત બનાવવા "Innovative of life" સુનિશ્ચિત કરવી ખૂબ જરૂરી છે.

તેમણે કહ્યું હતું કે, રાજ્યના તમામ ગામોમાં શહેર જેવી સુવિધાઓ ઉભી કરવી તેમજ ગ્રામ્ય કક્ષાના કામો ઝડપી, ગુણવત્તાયુક્ત અને નક્કર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. મંત્રીશ્રીએ ઉપસ્થિત અધિકારીઓને રાજ્યના છેવાડાના નાગરિકો વિકાસથી વંચિત ન રહે તે માટે સરકારી ભૌતિક તથા નાણાકીય લક્ષ્યો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે સુચારું આયોજન કરવાના નિર્દેશો આપ્યા હતા. આ સમીક્ષા બેઠકમાં ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અધિક કમિશનર શ્રી બી.એમ પ્રજાપતિ સહિત રાજ્યના તમામ જિલ્લાના નિયમકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. - જીગર બારોટ

# "ગુજરાત રાજ્ય ખેલ મહાકુંભ ૪.૦ સ્વિમિંગ સ્પર્ધા"માં અમદાવાદ રેલ મંડળના ત્રણ રેલ કર્મચારીઓનું ઉત્તમ પ્રદર્શન

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા "ગુજરાત રાજ્ય ખેલ મહાકુંભ ૪.૦" અંતર્ગત ૧૮ થી ૧૯ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન વડોદરામાં રાજ્યસ્તરીય સ્વિમિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં રાજ્યભરના વિવિધ જિલ્લાઓ તથા સંસ્થાઓના પ્રતિભાશાળી ખેલાડીઓએ ભાગ લઈ પોતાની રમત પ્રતિભાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું.







આ સ્પર્ધામાં પશ્ચિમ રેલવેના મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, અમદાવાદમાં કાર્યરત ત્રણ રેલ કર્મચારીઓએ શાનદાર પ્રદર્શન કરીને ગૌરવપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરી હતી.

- કાર્યાલય અધિક્ષક શ્રી જયદેવ જયેન્દુ શુક્લાએ ૫૦ મીટર ફ્રી સ્ટાઇલ (૨૮.૮૧ સેકંડ), ૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલ (૧ મિનિટ ૦૬ સેકંડ) તેમજ ૫૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોક (૩૭.૭૮ સેકંડ) સ્પર્ધાઓમાં ત્રણ સુવર્ણ પદકો મેળવી ઉત્તમ સફળતા નોંધાવી હતી.
- સિનિયર ક્લાર્ક શ્રી દેવાંશ મહેશકુમાર પરમારે ૪૦૦ મીટર ફ્રી સ્ટાઇલ (૪ મિનિટ ૧૭ સેકંડ), ૧૦૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોક (૫૮.૭૦ સેકંડ) તેમજ ૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલ (૫૩.૨૯ સેકંડ) સ્પર્ધાઓમાં સુવર્ણ પદકો જીત્યા હતા. આ ઉપરાંત ૪x૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલ રિલે તથા ૪x૧૦૦ મીટર મેડલે રિલે સ્પર્ધાઓમાં રજત પદકો પણ પ્રાપ્ત કર્યા હતા.
- કાર્યાલય અધિક્ષક શ્રી સુમિત ગવહાણેએ ૫૦ મીટર બટરફ્લાય (૩૨.૧૦ સેકંડ) સ્પર્ધામાં સુવર્ણ પદક તેમજ ૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલ (૧ મિનિટ ૦૯ સેકંડ) અને ૫૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોક (૩૬.૨૬ સેકંડ) સ્પર્ધાઓમાં રજત પદકો મેળવી નોંધપાત્ર પ્રદર્શન કર્યું હતું.

રાજ્યસ્તરીય સ્પર્ધામાં પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળના આ ત્રણેય કર્મચારીઓ દ્વારા પ્રાપ્ત થયેલી આ સિદ્ધિ તેમની કઠોર મહેનત, પ્રતિભા તથા રમત પ્રત્યેના સમર્પણનું ઉત્તમ ઉદાહરણ છે.

## ચિતલ-ખીજડિયા વચ્ચે ટ્રેક પર પથ્થરો અને થાંભલા ગોઠવ્યા, મોટી દુર્ઘટના ટળી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના ચિતલ અને ખીજડિયા વચ્ચે રેલવે ટ્રેક પર અજાણ્યા શખ્સો દ્વારા અવરોધો ઊભા કરી ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેનને ઉથલાવવાનું કાવતરું રચવામાં આવ્યું હતું.

જો કે, લોકો પાયલોટની સતર્કતાને કારણે સેંકડો મુસાફરોનો આબાદ બચાવ થયો છે. ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેન જ્યારે ચિતલથી ખીજડિયા તરફ જઈ રહી હતી, ત્યારે ટ્રેક પર અચાનક પથ્થરો અને લોખંડના ફેન્સિંગ પોલ (થાંભલા) પડેલા જોવા મળ્યા હતા.

ટ્રેક પર આ વસ્તુઓ દેખાતા લોકો પાયલોટે ત્વરિત ઈમરજન્સી બ્રેક મારી ટ્રેનને થંભાવી દીધી હતી.

આ ઘટનાની જાણ થતા જ અમરેલી પોલીસ, રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) અને રેલવેના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

પોલીસે ટ્રેક પરથી પથ્થરો અને પોલ કબજે કરી ફોરેન્સિક તપાસની તજવીજ હાથ ધરી છે.

આ હીચકારું કૃત્ય આચરનાર અજાણ્યા શખસોને પકડવા માટે આસપાસના વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

**પશ્ચિમ રેલ્વે**
**વિવિધ કાર્યો**
ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400008. ઇ-ટેન્ડર સૂચના નં. BCT/25-26/305, તા. 19.01.2026 આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થાન: (i) ઉકાઈ સોનગઢ જર્જરિત/ખાલી પડેલા ક્વાર્ટર્સને બદલે USD માં ટાઇપ II ક્વાર્ટર્સના 16 યુનિટનું બાંધકામ. (ii) ઉધના - ઉકાઈસોનગઢના સંબંધમાં 24 ટૂલ રૂમની જોગવાઈ TBR - 12.218 Tkm અને ઉધના - જલગાંવ - TBSR (H-બીમ) - ટ્રેકમેન માટે 138 ટૂલ રૂમ અને રેસ્ટ રૂમ. (iii) ઉધના - જલગાંવ વિભાગના સંબંધમાં 02 રિલે હટ્સ પૂરા પાડવા: કાટવાળું રેલને કારણે ખરાબ ટ્રેક શન્ટિંગને દૂર કરવા માટે ડિજિટલ એક્સલ કાઉન્ટર પૂરું પાડવું. (ઇલેક્ટ્રિકલ ભાગ સહિત સંયુક્ત ટેન્ડર). આશરે. કામનો ખર્ચ: ₹ 6,80,42,534.38. EMD: ₹ 4,90,200/-. સબમિશનની તારીખ અને સમય: તા. 13.02.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 13.02.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1029
અમને લાઇક કરો: facebook.com/WesternRly

# રાજયના બે વરિષ્ઠ આઈએએસ અધિકારીઓની બદલી: શાલીની અગ્રવાલ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.ના નવા એમડી: રાજેન્દ્રકુમાર ને ગુજરાત એસટી નિગમના એમડી નો વધારાનો હવાલો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજય સરકારે વહિવટી તંત્રમાં ધરખમ ફેરફાર કરતા રાજયના બે વરિષ્ઠ આઈએએસ અધિકારીઓની તાત્કાલીક અસરથી બદલી કરી છે.



આ ફેરફારમાં સુરત મ્યુનિસીપલ કમિશ્નર શાલીની અગ્રવાલની બદલી સૌથી મહત્વની માનવામાં આવી રહી છે. સુરત મ્યુનિસીપલ કમિશ્નર તરીકે સફળ સેવા આપનાર વર્ષ ૨૦૦૫ ની બેચના આઈએએસ અધિકારી શાલીની અગ્રવાલને હવે નવી જવાબદારી સોંપવામાં આવી છે. તેમને વડોદરા સ્થિત ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ (જીયુવીએનએલ) ના મેનેજીંગ ડીરેકટર (એમડી તરીકે) નિયુકત કરવામાં આવ્યા છે. શાલીની અગ્રવાલના સ્થાને હવે એમ નાગરાજનને સુરતના નવા મ્યુનિસીપલ કમિશ્નર બનાવવામાં આવ્યા છે. એમ નાગરાજન અગાઉ વિવિધ મહત્વના હોદ્દાઓ પર રહી ચુકયા છે અને હવે તેઓ હીરા નગરી સુરતનો વહિવટ સંભાળશે. આ ઉપરાંત રાજય સરકારે રાજેન્દ્રકુમારને ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી) ના મેનેજીંગ ડીરેકટર તરીકેનો વધારાનો ચાર્જ સોંપ્યો છે. આગામી સમયમાં વહિવટી કામગીરીમાં ગતિ લાવવા અને સરકારી યોજનાઓના અમલીકરણ માટે આ બદલીઓ કરવામાં આવી હોવાનુ માનવામાં આવે છે.

# અરવિંદ કેજરીવાલને ઈડી કેસ કોર્ટે નિર્દોષ જાહેર કર્યા : આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની યોજાઈ પ્રેસ કોન્ફરન્સ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અગાઉ ઈડી દ્વારા આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજીને ખોટા કેસોમાં ફસાવી જેલમાં મોકવામાં આવ્યા હતા. આ મામલે ન્યાયાલય દ્વારા તેમને નિર્દોષ જાહેર કરવામાં આવતા આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી.




ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે માનનીય અરવિંદ કેજરીવાલજીનો ઉદય કોઈ રાજકીય વંશમાંથી નહી પરંતુ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનમાંથી થયો છે. જયારે સમગ્ર દેશમાં લુંટ અને ભ્રષ્ટાચાર વ્યાપક હતો ત્યારે અરવિંદ કેજરીવાલજીએ ઈમાનદાર રાજનીતીનો માર્ગ પસંદ કર્યો અને સાબિત કર્યુ કે ઈમાનદારીથી પણ રાજકારણ શકય છે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે દિલ્હીમાં પ્રથમ વખત સત્તા મળ્યા બાદ માત્ર ૪૯ દિવસની સરકારમાં તેમણે એવુ કાર્ય કર્યુ કે ૬ મહિના પછી યોજાયેલી ચુંટણીમાં દિલ્હીની જનતાએ ૭૦ માંથી ૬૭ બેઠકો આપી ઈમાનદાર રાજનીતીનુ ઉદાહરણ આપ્યુ. અરવિંદ કેજરીવાલજીની ઈમાનદારીના કારણે જ દિલ્હી ખાતે મફત વિજળી, મફત પાણી, ઉત્તમ શિક્ષણ અને આરોગ્ય જેવી સેવાઓ શકય બની. આમ આદમી પાર્ટીનો સ્વીકાર દેશભરમાં જમ્મુ કાશ્મીરથી લઈને કેરળ, પશ્ચિમ બંગાળથી લઈને ગુજરાત અને પંજાબ સુધી થયો, જયારે ભાજપને લાગ્યુ કે ઈમાનદાર રાજનીતી જનતાને આકર્ષી રહી છે ત્યારે અરવિંદ કેજરીવાલજીની ઈમાનદારી પર ડાઘ લગાવવા માટે ઈડી ને રાજકીય હથિયાર તરીકે ઉપયોગમાં લેવામાં આવી હતી. ભાજપ પર આકરા પ્રહારો કરતા ઈસુદાન ગઢગીએ કહ્યુ હતુ કે ખોટા કેસો કરી, મીડીયામાં ટ્રાયલ ચલાવી, કેજરીવાલજીને હેરાન પરેશાન કરવામાં આવ્યા પરંતુ ગઈ કાલે ન્યાયલયના ચુકાદાએ આ સમગ્ર ષડયંત્રનો પર્દાફાશ કરી દીધો છે. ન્યાયાલયે સ્પષ્ટ કહ્યુ છે કે અરવિંદ કેજરીવાલજી નિર્દોષ છે અને ઈડી ને ફટકાર પણ લગાવી છે. આ અગાઉ સુપ્રિમ કોર્ટે પણ આ મામલે કડક ટીપ્પણી કરી હતી. ન્યાયાલયના આ ચુકાદાથી આજે સાબિત થઈ ગયુ છે કે અરવિંદ કેજરીવાલજી ભારતના સૌથી ઈમાનદાર નેતાઓમાંના એક હતા છે અને રહેશે, તેમણે ન્યાય પાલિકાનો આભાર માનતા કહ્યુ કે જો ન્યાય ન મળ્યો હોત તો આજે પણ ઈમાનદાર વ્યકિતના ચરીત્ર પર ખોટા ડાઘ લગાવવાની કોશિષ ચાલુ રહેત.

આ સાથે ઈસુદાન ગઢવીએ ગુજરાતની કાયદો વ્યવસ્થાને લઈને ગંભીર ચિંતા વ્યકત કરી હતી. તેમણે જણાવ્યુ કે છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં સ્કુલ, હોસ્પિટલ, મોલ અને હાઈકોર્ટ સુધી બોમ્બ ની ધમકીઓ ભર્યા ઈમેઈલ મળી રહ્યા છે. છતાં આજદીન સુધી કોઈ આરોપી પકડાતો નથી. વાલીઓ ડર સાથે પોતાના બાળકોને સ્કુલે મોકલે છે. આજે દરેક પરીવાર ચિંતિત છે. તેમણે આક્ષેપ કર્યો કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણ રીતે નિષ્ફળ ગઈ છે. જયાં એકતરફ આમ આદમી પાર્ટીના નેતાઓને પકડી પકડી ને જેલમાં ધકેલવામાં આવે છે તો બીજી તરફ સ્કુલને ઉડાવી દેવાની ધમકી આપનારાઓ સામે કોઈ કાર્યવાહી થતી નથી. ખેડુતોનો અવાજ ઉઠાવ નારને જેલમાં નાખવામાં આવે છે પરંતુ ગુન્હેગારો ખુલ્લેઆમ ફરી રહ્યા છે. ઈસુદાન ગઢવીએ જણાવ્યુ કે આજની સ્થિતિએ ગુજરાતમાં જનતાને પોતાને અસુરક્ષિત અનુભવી રહી છે. બાળકો, મહિલાઓ અને પરીવાર સૌ ડરમાં જીવી રહ્યા છે. અગાઉ એક સ્કુલમાં ૯ માં ધોરણના બાળકે તેની જ સાથે ભણતા બાળકની છરી થી હત્યા કરી હતી. વાલીઓ ખાનગી સ્કુલમાં મોકલતા ડરે છે, સરકારી સ્કુલમાં મોકલતા ડરે છે, આવુ ગુજરાત કોણે બનાવ્યુ ? ભાજપે ગુજરાતને જંગલરાજ બનાવી દીધુ છે. તેમણે કહ્યુ કે જો રાજયના મુખ્યમંત્રી અને ગૃહમંત્રી કાયદો વ્યવસ્થા સંભાળી શકતા ન હોય તો તેમણે નૈતિક જવાબદારી સ્વીકારી તાત્કાલીક રાજીનામુ આપી દેવુ જોઈએ.

# રાજકોટના વેપારીએ પરીવાર સાથે ગટગટાવી ઝેરી દવા: મકાનના હપ્તા ચડી જતા ભર્યુ અંતિમ પગલુ: પરીવારે ઝેરી દવા પી લીધી: રૂ.૧૪ લાખમાં ખરીદ્યુ હતુ મકાન

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટના સત્યમપાર્કમાં રહેતા એક પરીવારે સામુહિક આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આર્થિક ભીંસ થી કંટાળી અને મકાનના હપ્તા ચડી જતા પરીવારે આ પગલુ ભર્યુ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. આ બનાવમાં દંપત્તિ અને પુત્રને સારવાર માટે સીવીલ હોસ્પીટલ ખસેડવામાં આવ્યા છે.




આ બનાવ અંગે મળતી માહિતી મુજબ રાજકોટના ૮૦ ફુટ રોડ પર હુન્ડાઈ શોરૂમ નજીક સત્યમ પાર્ક-૪ મા ૫૫ વર્ષીય નિલેશભાઈ રતીલાલભાઈ સવદાસ, તેમની પત્ની ચંદ્રીકાબેન (ઉ.વ.૫૦) અને પુત્ર માર્ગીન (ઉ.વ.૩૦) સાથે રહે છે. નિલેશભાઈ સોની છે પરંતુ ઘરે અગરબત્તી પેકીંગનુ કામ કરે છે. ગઈ કાલે રાત્રે ૧ વાગ્યાના અરસામાં પોતાના ઘરે જ પરીવારે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. આ બનાવ બાદ ત્રણેયને સારવાર માટે રાજકોટ સીવીલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યા છે. તો બીજી તરફ બનાવની જાણ થતા થોરાળા પોલીસ મથકનો સ્ટાફ સીવીલ હોસ્પીટલ દોડી આવ્યો હતો. અહીં પોલીસે નિલેશભાઈ તથા તેમના પત્ની અને પુત્રનુ નિવેદન નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ સુત્રોમાંથી જાણવા મળતી માહિતી મુજબ ઘરે અગરબત્તીનુ પેકીંગ કરતા સોની વેપારી નિલેશભાઈ સવદાસે સત્યમપાર્કનુ મકાન ૧૪ લાખમાં ખરીદ્યુ હતુ જેમાં ૧૦ લાખ રોકડા આપ્યા હતા. જયારે ૪ લાખની લોન લીધી હતી. વધુમાં ૨.૭૫ લાખની સબસીડી મળી હતી. તેઓ દર મહિને લોનનો રૂપીયા ૭૫૦૦ નો હપ્તો બેંકમાં ભરતા હતા.

નિલેશભાઈ અને તેમના પરીવારના સભ્યો આર્થિક ભીસમાં આવી જતા મકાનના ૧૨ હપ્તા ચડી ગયા હતા. બેંક મકાનને સીલ મારે તે અગાઉ પરીવાર અને મિત્રો પાસેથી ઉછીના લઈ આ ૧૨ હપ્તા ભરી દીધા હતા. થોડો સમય પરીવારનુ ગુજરાન યોગ્ય રીતે ચાલ્યા બાદ ફરી આર્થિક ભીંસ આવતા નિલેશભાઈને ફરી મકાનના લોકનના ૬ હપ્તા ચડી ગયા હતા. મિત્રો અને સગા સંબંધીઓએ હાથ ઉછીના રૂપીયા આપવાની ના પાડી દેતા આર્થિક સંકડામણમાં આવી ગયેલા નિલેશભાઈએ સામુહિક આપઘાતનો વિચાર કર્યો હતો. ઘઉંમા નાખવાની ટીકળી પાણીમાં નાખી પ્રથમ પુત્ર માર્ગીન અને બાદમાં પત્ની ચંદ્રીકાબેને પીધુ હતુ ત્યારબાદ નિલેશભાઈએ પણ આ ઝેરી દવાવાળુ પાણી પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. નિલેશભાઈ પોતાના ઘરે જ અગરબત્તી પેકીંગ અને વેચાણનુ કામ કરે છે. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે, પુત્રીના લગ્ન થઈ ગયા છે જયારે માર્ગીન હજુ કુંવારો છે, નિલેશભાઈ પોતે ૩ ભાઈ અને ૨ બહેનમાં હજુ કુંવારો છે, નિલેશભાઈ પોતે ૩ ભાઈ અને ૨ બહેનમાં સૌથી નાના છે, આ બનાવથી પરીવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતા.

# વધુ એક યુવકનુ ખાખી પહેરવાનુ સપનુ રહ્યુ અધુરૂ : ગોધરામાં પોલીસ ભરતીની દોડમાં યુવક પિતાની નજર સામે જ ઢળી પડયો

પ્રતિનિધિ,ગાંધીનગર

છોટા ઉદેપુરના એક યુવાન માટે પોલીસ ભરતીની શારીરિક કસોટી ઘાતક સાબિત થઈ છે. ગોધરા ખાતે આવેલા એસઆરપી ગ્રુપ ૫ ના મેદાનમાં વહેલી સવારે દોડતી વખતે શ્વાસ ચડતા ૨૭ વર્ષીય યુવકનુ મોત થયુ હતું. આ ઘટનાની સૌથી વધુ દુઃખદ વાત છે એ કે પિતાની નજરની સામે જ જુવાનજોધ પુત્રનુ મોત થયુ.




આ ઘટનાની મળતી માહિતી અનુસાર મૃતક યુવકનુ નામ જશપાલસિંહ રાઠવા હતું અને તે છોટા ઉદેપુર જિલ્લાના કોલીયારી ગામનો રહેવાસી હતો. આજે શુક્રવારે વહેલી સવારે ગોધરાના એસઆરપી ગ્રાઉન્ડ પર આયોજીત રનીંગ ટેસ્ટ દરમિયાન જશપાલસિંહ ને અચાનક શ્વાસ ચડતા તે જમીન પર ઢળી પડયો હતો. દિકરાને મેદાન પર પડતો જોઈને પિતા આઘાતમાં આવી ગયા હતા. ઘટના સ્થળે હાજર સ્ટાફ અને અન્ય લોકો તાત્કાલીક યુવકની મદદે દોડી આવ્યા હતા. ત્યારબાદ યુવકને સારવાર અર્થે ગાંધીનગર સીવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પુત્રનુ મોત થતા પરીવારમાં માતમ છવાયો છે.

આ ઘટનાની જાણ થતા ગોધરા એ ડીવીજન પોલીસનો કાફલો સીવીલ હોસ્પીટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે મૃતક યુવકના મુતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને વધુ તપાસ હાથ ધરી છે. પિતાની આંખો સામે જ પુત્રનુ મોત થતા તેઓ ઉંડા આઘાતમાં સરી પડયા હતા.

# ડેડીયાપાડા ટીડીઓ સામે પત્નીના મારઝુડ અને અપ્રાકૃતિક સંબંધના આરોપ : એસડીએમ હોવાનુ કહી લગ્ન કર્યા હોવાનો આરોપ

પ્રતિનિધિ,ગાંધીનગર

ડેડીયાપાડા તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) જગદીશ સોની ફરી એકવખત મોટા વિવાદમાં ફસાયા છે. આ વખતે વિવાદ વહિવટી નહી પરંતુ વ્યકિતગત જીવનને લઈને છે, તેમની પત્ની પ્રિયંકા સોનીએ રાજસ્થાનના ધોલપુર જિલ્લાના બારી પોલીસ સ્ટેશનમાં પતિ અને સાસરીયા પક્ષ વિરૂધ્ધ ગંભીર કલમો હેઠળ ફરીયાદ નોંધાવી છે. ફરીયાદમાં દહેજ ઉત્પીડન, મારઝુડ, માનસિક ત્રાસ અને અપ્રાકૃતિક શારીરિક સંબંધ જેવા આઘાતજનક આક્ષેપો કરવામાં આવ્યા છે.



પ્રિયંકા સોનીનુ કહેવુ છે કે તેમના લગ્ન ૮ જુન ૨૦૨૫ ના રોજ જગદીશ સોની સાથે થયા હતા. લગ્ન સમયે જગદીશ સોનીએ પોતાને ગુજરાતમાં એસડીએમ હોવાનુ કહી વિશ્વાસમાં લીધા હતા, જયારે વાસ્તવમાં તેઓ ટીડીઓ તરીકે ફરજ બજાવે છે. ફરીયાદ મુજબ લગ્નના થોડા દિવસોમાં જ પતિ જગદીશ સોની, સાસુ જશોદાબેન, નણંદ ગાયત્રીબેન અને બહેનોઈ રાકેશ ઠકકર દ્વારા પીયર થી ૫૦ લાખ રૂપીયા લાવવા માટે દબાણ કરાયુ અને શારીરિક માનસિક ત્રાસ થયો હોવાનુ ફરીયાદમાં જણાવ્યુ છે. ફરીયાદમાં પ્રિયંકાનો વધુ આક્ષેપ છે કે પતિએ તેની સંમંતિ વિના અપ્રાકૃતિક શારીરિક સંબંધ બાંધ્યા હતા. તેમજ તેનો વિડીયો બનાવી વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેલ કરતા હતા. પ્રિયંકાના જણાવ્યા પ્રમાણે પતિ સપના રાય નામની યુવતિ સાથે મોડી રાત સુધી અશ્વલીલ વાતો કરતા હતા. વિરોધ કરતા બેલ્ટ વડે માર મારવામાં આવતો હતો. ઉપરાંત સાસુએ દોરડા વડે ગળુ દબાવીને મારી નાખવાનો પ્રયાસ કર્યો હોવાનો પણ ઉલ્લેખ ફરીયાદમાં કરવામાં આવ્યો છે.

તો બીજી તરફ ટીડીઓ જગદીશ સોનીએ પત્નીના તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમનુ કહેવુ છે કે પત્ની વારંવાર પીયર જતી રહેતી હતી અને નાણાં તથા દાગીનાની માંગ કરતી હતી. અગાઉ જગદીશ સોનીની માતાએ પણ રાજપીપળા પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી કે પુત્રવધુ ઘર કામ કરતી નથી અને સાસુ સાથે મારપીટ કરે છે. ટીડીઓ જગદીશ સોની અગાઉ પણ અનેક વખત વિવાદોમાં ચર્ચામાં રહ્યા છે. અગાઉ ડીડીઓએ તેમની ઓફીસમાં જઈ દરવાજા પરથી ગેરકાયદેસર ડીઝીટલ લોક અને એસી દુર કરાવ્યા હોવાની ચર્ચા થઈ હતી. નેતાઓ સાથે ગેર વર્તણુંક અને મીટીંગોમો અયોગ્ય ભાષા વાપરવાના મુદ્દે પણ તેમનુ નામ ઉછળ્યુ હતું.

પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા બીએનએસ કલમ હેઠળ ૧૧૫ (૨) સ્વેચ્છાએ ઈજા પહોંચાડવી અને કલમ ૭૪ મહિલાની મર્યાદા ભંગ કરવાનો ઈરાદો સહિતની કલમો માં ગુન્હો દાખલ કરી તપાસ શરૂ કરી છે. હાલ પતિ જગદીશ સોની, સાસુ, નણંદ, બહેનોઈ અને ડ્રાઈવર સહિત કુલ ૫ લોકો સામે તપાસ ચાલી રહી છે. કલાસ-૨ અધિકારી સામે આવા ગંભીર આરોપો આવતા વહિવટી તંત્રમાં પણ ચર્ચા અને ખળભળાટ જોવા મળી રહ્યો છે.

# ગણતંત્રને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે તે અગાઉ ગુજરાતને મળી ધમકી : ૨૬ મી એ તિરંગો ફરકાવશો તો ઉડાવી દઈશુ

પ્રતિનિધિ,ગાંધીનગર

૨૬ જાન્યુઆરી ગણતંત્ર દિવસની ઉજવણી પહેલા જ ગુજરાતની રાજધાની મેગા સીટીમાં ધમકીભર્યા ઈમેઈલ મળ્યા છે. અમદાવાદ અને ગાંધીનગર ની અનેક શાળાઓને આજે ખુલતા દિવસે બોમ્બ ની ધમકીના મેઈલ મળ્યા હતા. આ સાથે જ તંત્ર દોડતુ થયુ હતું. તો સાથે જ વિદ્યાર્થીઓને શાળાઓમાંથી રજા આપી દેવાઈ હતી. મોટી સંખ્યામાં વાલીઓ શાળાએ પહોચ્યા હતા.



અમદાવાદની શાળાઓને ફરી બોમ્બ થી ઉડાળવાની ધમકી મળી છે. અમદાવાદ શહેરની ૧૦ થી વધુ શાળાઓને મેઈલ આવ્યા હતા. જેમાં શહેરની સંતકબીર સ્કુલની ૩ બ્રાન્ચને ધમકીભર્યા ઈમેઈલ મોકલવામાં આવ્યા હતા તો એસપી રીંગ રોડ પર આવેલી જીનીવા ઈન્ટરનેશનલ સ્કુલને પણ ધમકી આપવામાં આવી હતી તો મીઠાખળીમાં આવેલી મહાત્મા ગાંધી ઈન્ટરનેશનલ સ્કુલને પણ ધમકી મળી હતી. પોલીસ દ્વારા હાલ તમામ સ્કુલોમાં ચેકીગની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ઉસ્માનપુરાની વિદ્યાનગર સ્કુલ, શાહીબાગની કેવીએસ સ્કુલ , કેન્ટોનમેન્ટ ની આર્મી સ્કુલ, સેટેલાઈટની રેડ બ્રિકસ સ્કુલ અને જેડી સ્કુલને બોમ્બની ધમકી મળી હતી. ધમકીભર્યા ઈમેઈલમાં મોદી શાહ ખાલીસ્તાનના દુશ્મન છે, જનમત કાર્યકરો તમારા બાળકોને બચાવો, ૨૬ જાન્યુઆરીએ શાળાઓમાં ભારતીય તિરંગો ન ફરકાવો, ખાલીસ્તાન બાંગ્લાદેશ જિંદાબાદ અમારૂ લક્ષ ગણતંત્ર દિવસ પર મોદી શાહ, ગાંધીનગર જિલ્લાની કેટલીક શાળાઓને પણ બોમ્બની ધમકી મળી હતી. રાંચરડાની રેડ બ્રિકસ ઈન્ટરનેશનલ સ્કુલને બોમ્બ થી ઉડાવી દેવાની આજે શુક્રવારે ધમકી મળી હતી. ગાંધીનગર પોલીસે તાત્કાલીક તપાસ શરૂ કરી હતી. સ્કુલ પર પોલીસની ટીમ મોકલવામાં આવી હતી. હાલમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી અને તમામ વિદ્યાર્થીઓ સુરક્ષિત હોવાનુ જણાવવામાં આવ્યુ છે.

# ગાંધીનગર સેકટર-૭ પોલીસ ચોકીના હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ અમરસિંહ વાઘેલાનો આપઘાત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસ વિભાગ માટે છેલ્લા ૨૪ કલાક અત્યંત દુઃખદ અને ચિંતાજનક રહ્યા છે. ભરૂચ અને ભાવનગરમાં પોલીસ કર્મીઓના આપઘાતની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં જ હવે પાટનગર ગાંધીનગર માં વધુ એક પોલીસ કોન્સ્ટેબલે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લેતા સમગ્ર પોલીસ બેડામાં સોપો પડી ગયો હતો. ૨૪ કલાકની અંદર રાજયમાં પોલીસ કર્મીના આપઘાતની આ ત્રીજી ઘટના છે.



મળતી માહિતી મુજબ ગાંધીનગર સેકટર ૭ પોલીસ ચોકીમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ઉપેન્દ્રસિંહ અમરસિંહ વાઘેલાએ આજે શુક્રવારે સવારે પોતાના જ ઘરમાં ઉપરના માળે પંખા સાથે ગળે ફાંસો ખાઈને જીવન ટુંકાવી લીધુ હતું. ઘટનાની જાણ થતા જ પરીવારજનો અને સ્થાનિકોમાં અરેરાટી વાપી ગઈ હતી. તાત્કાલીક પોલીસને જાણ કરવામાં આવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોચીને મૃતદેહને નીચે ઉતારી પોસ્ટ મોર્ટમ અર્થે ગાંધીનગર સીવીલ હોસ્પીટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરી છે. ઉપેન્દ્રસિંહ વાઘેલા પેથાપુરના રહેવાસી હતા. તેઓ સીક લીવ લઈને રજા પર હતા. હાલમાં તેમના પરીવારમાં માતા, બે બાળકો અને પત્ની છે. આ મામલે સેકટર ૭ ના પીઆઈ ગોહીલે માહિતી આપી હતી. હાલમાં મૃતક ઉપેન્દ્રસિંહ વાઘેલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આપઘાત પાછળનુ કોઈ ચોકકસ કારણ હજુ સુધી જાણવા મળ્યુ નથી.

પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુન્હો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. આપઘાત પાછળના કારણ સુધી પહોચવા માટે પરીવારજનો અને સાથે ફરજ બજાવતા સહકર્મીઓની પુછપરછ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે એક દિવસ અગાઉ જ ભરૂચમાં એક મહિલા પોલીસ કોન્સ્ટેબલે અને ભાવનગરમાં પણ એક પોલીસ કર્મીએ આપઘાત કરી લીધો હતો. આમ ઉપરા ઉપરી બની રહેલી આપઘાતની ઘટનાઓને કારણે પોલીસકર્મીઓના માનસિક તણાવ અને કામના દબાણ જેવા મુદ્દાઓ ફરી એકવાર ચર્ચા માં જગાવ્યા છે. અને સમગ્ર પોલીસ વિભાગમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે.

# પુજારી ભગવાનના સેવક છે મિલ્કતના માલીક નહી : ગુજરાત હાઈકોર્ટ નો ચુકાદો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે ધાર્મિક મિલ્કતોના સંચાલન અને પુજારીઓના કાયદાકીય હકકો ને લઈને અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. પંચમહાલ જિલ્લાના ગોધરા જાહેર રસ્તા પર બનેલા એક ગણેશ મંદિરના વિવાદની સુનાવણી દરમિયાન જસ્ટીસ જે બી દોશીએ સ્પષ્ટ કહ્યુ કે મંદિરમાં પુજા કે સેવા કરનાર વ્યકિત માત્ર ભગવાનના સેવક અથવા નિમણુંક પામેલા પ્રતિનિધિ છે. તેઓ મિલ્કત પર લાંબા સમયના કબ્જાના આધારે માલિકી હક્ક સાબિત કરી શકતા નથી.



સમગ્ર વિવાદ ગોધરાના એક ગણેશ મંદિરનો છે. જે જાહેર રસ્તા પર હોવાથી ટ્રાફીક અને અવરજવરમાં મુશ્કેલી ઉભી કરતુ હોવાનુ મહિલાએ ફરીયાદ કરી હતી. નીચલી અદાલતે આ મંદિર હટાવવાનો આદેશ આપ્યો હતો. જેની સામે પુજારીએ હાઈકોર્ટ માં દલીલ કરી હતી કે તેઓ છેલ્લા ૧૨ વરસથી વધુ સમયથી ત્યાં સેવા આપે છે. તેથી એડવર્સ પઝેશનના કાયદા મુજબ તેમનો હક્ક બને છે. જો કે હાઈકોર્ટે આ દલીલ ને કાયદેસર રીતે ખોટી ગણાવી હતી. ચુકાદામાં નોંધ્યુ હતુ કે આજકાલ સરકારી કે ધાર્મિક મિલ્કતો ખાલી ન કરવી પડે તે માટે એડવર્સ પઝેશનનો સહારો લેવાની વૃત્તિ વધી રહી છે. પરંતુ પુજારીની ભુમિકા માત્ર મિલ્કતની જાળવણી અને ધાર્મિક વિધિ પુરતી મર્યાદીત છે. જો કોઈ બાંધકામ જાહેર માર્ગ પર કરવામાં આવ્યુ હોય તો તે સંપૂર્ણપણે અનધિકૃત ગણાય, આ ચુકાદા બાદ હવે રાજયભરના જાહેર માર્ગો પર થતા ગેરકાયદેસર ધાર્મિક દબાણો દુર કરવાનો માર્ગ મોકળો થયો છે.